
॥ तस्य वाचकः प्रणवः ॥

# ઋતમ્ભરા

આત્મનો હિતાય જગત: સુખાય




'યોગ' ભિક્ષા લાવીઓ, 'ભિક્ષુ' બની ગુરુદ્વાર;
મુમુક્ષુ જરૂર પામશે, સૌનો મુજમાં ભાગ.

## હિંસાને નાથવા માટેના મૃતસંજીવની મહાસૂત્રો

(૧) હિંસાની પ્રતિક્રિયા હિંસા છે અને અહિંસાની પ્રતિક્રિયા અહિંસા છે.

(૨) હિંસાથી હિંસા ફાટી નીકળે તો અહિંસાથી અહિંસા ફળી શકે.

(૩) હિંસાથી હિંસક તરફ વેરવૃત્તિ બંધાય છે, વેરવૃત્તિથી બદલાની ભાવના બંધાય છે, બદલાની ભાવનાથી હિંસા આચરાય છે અને હિંસાથી પાછી બદલાની ભાવના. આમ હિંસા અને પ્રતિહિંસાના રહેંટનો અનંત ચક્રાવો ચક્રે ચડે છે.

(૪) પોતે કાયરમાં ગણાવાની પરવા કર્યા સિવાય, જે બદલો લેવાની ભાવના પડતી મૂકીને હિંસા-પ્રતિહિંસાના ચક્રને થંભાવવાની પહેલ કરી શકે છે તે વીર - શૂરવીર - મહાવીર સમાન છે. કારણકે તેના દ્વારા સમાજમાં સુખશાંતિનું સામ્રાજ્ય પુનઃ સ્થપાય છે.

(૫) મરીને પણ જીવવા દઈશું, એ આદર્શને વળગી રહીશું.

(૬) વ્યક્તિ વામનશરીર છે અને વિશ્વશરીરો વિરાટ શરીર છે. વ્યક્તિ શરીરના કોઈપણ એક અંગમાં થતું સુખદુઃખ જેમ આખું શરીર અનુભવે છે તેમ કોઈપણ શરીરના સુખદુઃખની અસર વિશ્વનાં બધાં શરીરોમાં પહોંચે છે. માટે સુખી કરીએ અને સુખી થઈએ.

**મંદિર-મસ્જિદથી પણ તેને બનાવનારો મહાન છે,**
**લાઠી-ગોળી ચલાવનારા તું કેટલો નાદાન છે.**
**ચેતનને મારે, જડને જિવાડે, વાહ! તારી કમાલ છે!**
**સર્વ જીવને અભય આપે, તે જ સાચો ઈન્સાન છે.**

— યોગભિક્ષુ

### -: ઓમ્ પરિવારના ઉત્સવ :-

ગુરુપૂર્ણિમા : તા. ૨૪ - ૭ - ૨૦૦૨ સવારે : ૮ થી ૨

સ્થળ : ઈચ્છાબેનની વાડી, પુષ્પકુંજ પાસે, કાંકરિયા, મણીનગર, અમદાવાદ - ૨૮.

ઋતમ્ભરા

(ઋતમ્ભરા એટલે અનુભવયુક્ત સત્યથી ભરેલું)

(બહુજનહિતાય - બહુજનસુખાય)

વર્ષ -૧૯ (જૂલાઈ, ઓગસ્ટ, સપ્ટેમ્બર)

VOL - XIV 2002-2003 ISSUE - I માનદ્ તંત્રી - નૈષધ વ્યાસ

# હિંસા અશાંતિનું મૂળ છે

– યોગભિક્ષુ

હિંસા સર્વ ત્રાસો, તાપો, દુઃખો અને અશાંતિનું મૂળ શા માટે કહેવાય છે? કારણ કે એક વ્યક્તિએ આચરેલી હિંસાથી ઉત્પન્ન થતી અશાંતિ ક્રમે ક્રમે વધતી વધતી ગામ, દેશ, રાષ્ટ્ર અને વિશ્વઅશાંતિ સુધી પહોંચી જાય છે.

અહિંસા સર્વધર્મ છે અર્થાત્ અહિંસામાં બધા જ ધર્મોનો સમાવેશ થઈ જાય છે. અહિંસા સર્વ કોઈનો ધર્મ છે કારણ કે સૌ સુખ ઇચ્છે છે; અને સુખ અહિંસાનું પાલન કરવાથી જ પ્રાપ્ત થાય છે. યોગપ્રાચાર્ય પતંજલિ મુનિએ કહ્યું છે કે "અહિંસા પ્રતિષ્ઠાયાં તત્સન્નિધૌ વૈરત્યાગઃ" અર્થાત્ અહિંસાની જ્યાં અને જેમાં પ્રતિષ્ઠા થાય છે, ત્યાં અને તેમાં વેરનો અભાવ-ત્યાગ થઈ જાય છે. એક વ્યક્તિનું અહિંસાનું પાલન વિશ્વને અશાંતિમાંથી અનાયાસે જ ઉગારી લે છે. તેથી જ અહિંસા પરમ ધર્મ છે.

ઉપરોક્ત વાતોને નીચેના દૃષ્ટાંતથી સમજીએ.

સુખીલાલે દુઃખીરામનું અપમાન કર્યું, તેથી દુઃખીરામને પણ સુખીલાલનું અપમાન કરવાનું મન થયું. પરંતુ પોતે અસમર્થ હોવાથી પોતાને લાચારીથી અપમાનનો કડવો ઘૂંટડો ગળી જવો પડ્યો. તેથી તેના મનમાં બદલાની અને વેરની ભાવના બંધાઈ અને તે ભાવના અંતરના એક અગોચર ખૂણામાં સ્થિર થઈ, સંગ્રહાઈ. જેમ જેમ સમય વ્યતીત થતો ગયો તેમ તેમ તે વેરભાવના - તે બદલાની ભાવના પુષ્ટ અને વિશાળ થતી ગઈ અને અનુકૂળતા મળતાં જ, જેમ દબાયેલી સ્પ્રિંગ છટકે તેમ છટકીને સુખીલાલ ઉપર વ્યાજ સાથે ત્રાટકી.

દુઃખીરામે સુખીલાલનું અપમાન પણ કર્યું અને તેને શારીરિક ઈજા પણ પહોંચાડી. આથી સુખીલાલના પરિવારનું મન દુભાયું અને તે સૌ હિંસાનો બદલો હિંસાથી લેવા સમયની અનુકૂળતાની રાહ જોવા લાગ્યા. અનુકૂળતા મળતાં જ તે સૌએ મળીને દુઃખીરામનો હાથ કાપી નાખ્યો. આથી દુઃખીરામનો પરિવાર અને તેના ઘણા સગાઓ અને મિત્રોના મનમાં સુખીલાલના આખા કુટુંબ પ્રત્યે વેરવૃત્તિ બંધાણી. અનુકૂળતા મળતાં જ તે સૌએ મળી પ્રતિપક્ષી કુટુંબને ઘણું મોટું નુકસાન પહોંચાડ્યું . આથી એ ગામમાં બે મોટા પરસ્પર વિરોધી પક્ષ પડી ગયા. બંને પક્ષમાંથી કોઈ સમાધાન ન કરી શક્યો, કે વેરને જતું કરવાની ઉદારતાની પહેલ ન કરી શક્યો, કે ક્ષમા કરવાની શૂરવીરતા ન દાખવી શક્યો. તેથી તે વ્યક્તિયુદ્ધ ક્રમે ક્રમે વધતું વધતું ગામ, દેશ, રાષ્ટ્ર અને વિશ્વયુદ્ધ સુધી પહોંચી ગયું અને તેથી હિંસા, ત્રાસ, દુઃખ અને અશાંતિનું સંહારતાંડવ ખેલાયું.

કોઈપણ પ્રકારની હિંસાથી સામા પક્ષે વેરની-બદલાની ભાવના બંધાય છે. તુરત બદલો લેવાની અનુકૂળતા ના હોય તો તે ભાવના દબાઈને પડી રહે છે અને મોકો મળતાં જ તે દબાયેલી સ્પ્રિંગની જેમ છટકીને પ્રહાર કરે છે. ઉપરોક્ત દૃષ્ટાંતમાં કહ્યું તેમ હિંસા અને

પ્રતિહિંસાનું એક ચક્ર ચાલે છે અને તેનો કદી અંત જ નથી આવતો. વળી આમાં કોણ કોણ સંડોવાશે - ઝડપાશે તેનો પણ કાંઈ અંદાજ કરી શકાતો નથી. હિંસાની પહેલ કરી દીધી, પરંતુ હવે એ હિંસાચક્ર થોભાવવાની પહેલ કોણ કરે? અહિંસાની પહેલ કર્યા સિવાય તો આ ચક્ર થંભવાનું જ નથી. હિંસામાંથી છૂટવા અને સુખશાંતિની પ્રાપ્તિ માટે કોઈકે તો પહેલ કરવી જ રહી. અહિંસાની પહેલ તે જ કરી શકે કે જે હિંસા-અહિંસાથી ઉત્પન્ન થતી ક્રિયા-પ્રક્રિયા અને તેનાથી પેદા થતાં સુખદુઃખની તાત્ત્વિક સમજ ધરાવતો હોય. હિંસાપ્રેરિત પાગલને તો પોતાના સુખનું પણ ભાન નથી, પોતે સુખી છે કે દુઃખી એ વિચારવા માટે પણ તેનું મગજ સમતોલ નથી, તેથી તેની પાસેથી શી આશા રાખી શકાય? પરંતુ વૈરાગ્નિના ભીષણ ભડકાએ જેના મગજને પૂર્ણ અસમતોલ નથી બનાવ્યું અને જે એમ સમજે કે મારા સુખ માટે પણ મારે જ હિંસાનિવારણની પહેલ કરવી પડશે અને આમ સમજે છે તે જ થોડો સમતોલ રહ્યો હોય છે. તેથી તેની પાસેથી જ કાંઈક આશા રાખી શકાય. પહેલનો આવો પ્રશંસનીય પ્રયત્ન કરનાર પોતે તો સુખી થશે જ. પરંતુ સામા પક્ષને પણ સુખી થવાનો મોકો આપશે. આ માટે પુનઃ પુનઃ પ્રયત્ન કરવામાં તે કંટાળશે નહીં. આવી તાત્ત્વિક જાણકારીના કારણે તેનામાં આટલી ઉદારતા તો જરૂર આવવાની—હોવાની.

હિંસાની પહેલ કરનારમાં પહેલ કરવાની સ્ફુરણા કેમ થઈ, ક્યાંથી થઈ તેનું કારણ મળે તો ઠીક; નહીં તો ત્યાં સુધી હાથ જોડી બેસી રહેવાય નહીં. બાલની છાલ તો પછી પણ ઉતારી શકાશે, પગમાં ભભૂકેલી આગનું કારણ પછી પણ ગોતી શકાશે અને પછીય કદાચ તે ના મળે - પરંતુ પ્રથમ કર્તવ્ય છે પગની આગને ઠારવાનું; નહીં કે ઝાડ પ્રથમ કે બીજ તે ગોતવાનું.

"અહિંસાની પ્રતિષ્ઠા જેનામાં થઈ છે અને જે અહિંસામાં પ્રતિષ્ઠિત થયો છે તેની સન્મુખ-સમીપ આવનાર, સ્વભાવથી જ પરસ્પર વેરભાવવાળા - જેમકે ઉંદર-બિલાડી વગેરે - પોતાનો વેરભાવ વીસરી જાય છે." એ અતિ સૂક્ષ્મ વાત કદાચ આપણા સ્થૂળ મગજમાં ન ઊતરે, તોપણ આટલી તો રોકડી વાત આપણી સમજમાં જરૂર આવશે કે અહિંસાની પહેલ—પ્રતિષ્ઠા કરનાર તુરત સુખી થાય છે અને સુખી કરે છે, જેથી અશાંતિનો નાનો એવો તરંગ વિશ્વ-અશાંતિનો મહા તોફાની સમુદ્ર બનતો અટકી જાય છે. આથી આપણું ઘણું બધું સહીસલામત બચી જાય છે તે તેનો રોકડો ફાયદો છે.

## અહિંસા સ્વધર્મ છે

અહિંસા 'સ્વ'માં સ્થિર થવાનો, 'સ્વ'માં પ્રતિષ્ઠિત થવાનો ધર્મ છે. 'સ્વ'માં સ્થિર થવું એટલે કે સ્વરૂપમાં સ્થિર થવું. સ્વરૂપમાં સ્થિર થવાને અનુભવીઓ મોટામાં મોટું સુખ, મોટામાં મોટી પ્રાપ્તિ કહે છે. સ્વરૂપમાં સુસ્થિર થવા માટે ઇન્દ્રિયોથી ઉપર ઊઠવું પડે, ઇન્દ્રિયો વ્યથિત અને આતંકિત ન હોવી જોઈએ. હિંસામય ભાવનાયુક્ત વ્યક્તિ વ્યથિત, આકુળવ્યાકુળ અને બેકાબૂ હોય છે. તેથી તે સુસ્થિર અને સુધીર રહીને 'સ્વ'માં સુસ્થિર થવાના અનુભવનો આનંદ-નિજાનંદ માણવામાં અસમર્થ રહે છે. મનુષ્યજન્મ પ્રાપ્ત કરીને નિજાનંદની અનુભૂતિનો અભાવ હોવો તે મોટામાં મોટું નુકસાન છે.

"હિંસા-પ્રતિહિંસાનો ચેપી રોગ અટકશે તો જ સુખ મળશે, અને આપણા સુખ માટે તેની પહેલ આપણે કરવી જ જોઈએ" એવા જ્ઞાનનો પ્રચાર સમાજમાં ખૂબ થવો ઘટે, જેથી આવા જ્ઞાનયુક્ત મનુષ્યોની સમાજમાં ખૂબ વૃદ્ધિ થતી જાય. તેથી હિંસા ફાટી નીકળવાની સંભાવનાઓ ખૂબ ઓછી થઈ જાય. અને જ્યારે પણ હિંસા ફાટી નીકળવાના પ્રસંગો ઉપસ્થિત થાય ત્યારે ઉપરોક્ત સમજણવાળા માણસો શીઘ્ર સમાધાન કરવા-કરાવવા તત્પર હોય. આ પ્રકારની સમજણને શિક્ષણમાં જ જોડી દેવાઈ હોય તો વ્યક્તિનો ઉછેર જ એ પ્રકારનો થશે અને તેથી ધીમે ધીમે આખો સમાજ એ પ્રકારનો બનતો જશે. અસ્તુ.

## હિંસાનિવારણના પથિકને

હિંસાનિવારણના ક્ષેત્રમાં પડેલા ભેખધારીઓએ

સહકારની ભાવના ખૂબ કેળવવી પડશે. જ્યાંથી અને જે રીતે સહકાર મળે ત્યાંથી અને તે રીતે નમ્રપણે સહકાર મેળવવો જોઈએ. સહકારથી જ પોતાની હિંસા-નિવારણની રહસ્યમય અને લાભદાયક વાતો બીજાઓને ગળે ઉતારી શકવાની ભૂમિકા સર્જાય છે અને આત્મીયતાની પીઠિકા બંધાય છે. આત્મીયતા ચમત્કાર જેવાં પરિણામો બક્ષી શકે છે.

અષ્ટાંગયોગનું પ્રથમ અંગ 'યમ' છે. યમના પાંચ ઉપાંગો છે - અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ. આ રીતે અહિંસાનો યમમાં જ સમાવેશ કરી દેવાયો છે. અહિંસારૂપી યમના પાલનથી મૃત્યુના દેવ યમ ઉપર કાબૂ મેળવી શકાય છે. અર્થાત્ હિંસા-નિવારણથી કમોતે મરવાનું પ્રમાણ ખૂબ ઘટી જાય છે. આ રીતે યમને-જમને દૂર રાખી શકાય છે. યોગદર્શનનું સૂત્ર છે કે -

**વિતર્કા હિંસાદયઃ કૃતકારિતાનુમોદિતા**
**લોભક્રોધમોહપૂર્વકા મૃદુમધ્યાધિમાત્રા**
**દુઃખાજ્ઞાનાનંતફલા ઈતિ પ્રતિપક્ષભાવનમ્**

હિંસા આદિની વિરોધી ભાવનાઓ જ્યારે આપણા ઉપર આક્રમણ કરે ત્યારે તેનાથી બચવા, તેને દૂર હટાવવા આવા વિચારો કરવા જોઈએ કે -

પોતે કરેલી, બીજા પાસે કરાવેલી અને બીજાએ કરી હોય ત્યારે તેને અનુમોદન આપેલી હિંસા; લોભ, મોહ કે ક્રોધપૂર્વક કરેલી હિંસા; તથા મૃદુ, મધ્ય કે અતિ વેગપૂર્વક કરેલી હિંસા; આ નવમાંથી કોઈપણ રીતે આચરેલી હિંસા અજ્ઞાનના અંધકારમાં હડસેલી દઈને દુઃખના અનંત ચકરાવામાં ચડાવી દેશે.

હિંસાના ઉપરોક્ત સૂક્ષ્મ ભેદો અને બીજા પણ અન્ય ઉપભેદો હિંસાનિવારણના પથિકે જાણી લેવા જરૂરી છે, તેની ઘણી અગત્યતા છે. તેથી તે પોતે સાવધાન રહી શકશે અને અન્યોને પણ સાવધાન કરી શકશે. અસ્તુ.

હિંસા અને પ્રતિહિંસાથી પાગલ બનેલ અણસમજુ મનુષ્યોને તો વધુમાં વધુ હિંસા આચરવાથી અને સામા પક્ષને વધુમાં વધુ નુકસાન પહોંચાડવાથી જ વધુમાં વધુ આનંદ અને વિજય અનુભવાય છે. પરંતુ હિંસા-નિવારણની ભાવનાયુક્ત ભદ્રજનોને, મહાજનોને તો તેનું મહાદુઃખ હોય છે. કારણ કે તેમનું હૃદય પિતાસમાન ભાવનાયુક્ત હોય છે. તેથી તેઓ સૌ પોતાના સંપર્કમાં આવનાર અણસમજુ બાળકોને સન્માર્ગે ચડાવવાનો પ્રયત્ન કરે છે. આવો પ્રયત્ન કરવો તેને તેઓ પોતાનાં સુખ, પ્રાપ્તિ અને ફળ સમજતા હોય છે. આ સિવાયના બીજા બદલાની તેમને અપેક્ષા નથી હોતી.

પશુ, પક્ષી અને મનુષ્ય - આ ત્રણ મુખ્ય જીવયોનિમાં મનુષ્યને શ્રેષ્ઠ કહ્યો છે. ઉપરછલ્લી રીતે જોઈએ તો ઘણી બધી બાબતોમાં મનુષ્ય કરતાં પશુપક્ષી શ્રેષ્ઠ સિદ્ધ થાય છે. મનુષ્યનું કાંઈ જ કામમાં નથી આવતું જ્યારે પશુપક્ષીઓનાં હાડ-રક્ત, મળમૂત્ર વગેરે ખૂબ કામમાં આવે છે. તો પછી પશુપક્ષી કરતાં મનુષ્યની શ્રેષ્ઠતા કઈ રીતે સાબિત કરીશું? આ જ રીતે કે - તે પોતે મરીને પણ સર્વ જીવોને જિવાડવાનો પ્રયત્ન કરે છે, પોતે દુઃખી થઈને પણ બીજાને સુખી કરવામાં આનંદ માને-માણે છે. આમ ન કરે તે મનુષ્ય શિંગડા-પૂંછડા વિનાના પશુ સમાન છે.

વિકાસવાદની દૃષ્ટિએ પણ મનુષ્યને વધુ વિકસિત ગણવામાં આવેલ છે. આ વિકાસનો ઉપયોગ પોતાનાથી ઓછાં વિકસિતો (પશુપક્ષીઓ વગેરે)નું રક્ષણ કરવામાં અને એ રીતે તેમને વિકસિત થવાની તક આપવામાં થાય તો જ 'વિકાસ' શબ્દ સાર્થક થાય, તો જ વિકસિત જન્મની અર્થાત્, મનુષ્યજન્મની સાર્થકતા થઈ કહેવાય, અન્યથા એ એળે ગયો કહેવાય. આપણને એક રૂપિયાનું નુકસાન પણ પરવડતું નથી તો પોતાનો અમૂલ્ય જન્મ એળે જાય તે આપણને કેમ પરવડતું હશે? એટલે જ કે આવું એક ને એક બે જેવું ગણિત નથી આવડતું માટે. ગમે તેવા મોટા વિશ્વગણિતજ્ઞ થઈ જઈએ પણ પોતાના વિકાસની સાર્થકતા શામાં છે તેની ગણતરી ન આવડે ત્યાં સુધી બીજું બધું સ્થૂલ ગણિત વ્યર્થ છે. નદીમાં નાવ ડૂબવા લાગે ત્યારે તો તેમાં બેઠેલામાંથી જેને તરવાની વિદ્યા-

આવડતી હોય તે જ બચી શકે છે; નહીં કે બીજી ગમે તે અને ગમે તેટલી વિદ્યાઓ જાણતા હોય તે.

મહાજનોએ તો દુ:ખ દેનારને પણ સુખ દેવાનો દિવ્ય વહેવાર કરવો ઘટે. આ વાક્યને આ રીતે કહીએ તો વધુ સાચું લાગશે કે - આવો દિવ્ય વહેવાર કરનારાઓ જ સંતો, મહંતો, ભક્તો, ભદ્રો કે સજ્જનો વગેરે શ્રદ્ધેય નામે સંબોધાવા જોઈએ.

વૃક્ષો પોતાનાં ફળો પોતે નથી ખાતાં; નદી પોતાનું જલ પોતે નથી પીતી; વરસાદની ધારાઓ પોતા માટે નથી વરસતી. તો શું મનુષ્ય આ બધાથી પણ ઊતરતો છે? ના, કદી નહીં, તેને ફક્ત યોગ્ય પ્રેરકની જરૂરત છે. તો તે પરોપકાર અર્થે બધું જ કરી છૂટવા તૈયાર છે. અનુભૂતિનું અમૃત પીને વિભૂતિ બનવા જ તે સર્જાયો છે.

**જય જીવ-જિવાડકોનો,**
**વિજય, હિંસા-નિવારકોનો;**
**ભય સમસ્ત જીવનો જજો,**
**નિર્ભય જીવ સમસ્ત થજો**

# વેરથી વેર શમશે નહીં, જ્યારે પણ શમશે ત્યારે પ્રેમથી જ શમશે

**– યોગભિક્ષુ**

**એક વ્યક્તિની હિંસા ઠેઠ વિશ્વયુદ્ધ સુધી પહોંચાડી દે છે અને એક વ્યક્તિની અહિંસા વિશ્વયુદ્ધને પણ મઠારી શકે છે. આવી છે અહિંસાની કમાલ! આવો છે અહિંસાનો ચમત્કાર!! તેથી જ તો અહિંસા 'પરમ ધર્મ' છે. કોઈપણ પ્રકારના ભેદભાવ વિના, પાલન કરનાર સૌ કોઈને પરમ શાંતિ આપે તે જ 'પરમ ધર્મ'.**

**વેરથી વેર શમશે નહીં, જ્યારે પણ શમશે ત્યારે પ્રેમથી જ શમશે. ગમે ત્યારે પણ આ સત્ય સમજવું જ પડશે અને સમજીને આચરવું જ પડશે. તે સિવાય કદી શાંતિ પ્રાપ્ત નહીં થાય. તે સિવાયના પ્રયત્નો માત્ર ફાંફાં જ જોવામાં આવ્યાં છે.**

કદાચ ઉપરોક્ત સત્ય અપ્રિય લાગશે. મહાનુભાવોએ કહ્યું છે કે સત્ય પણ પ્રિય લાગે તેવું બોલવું. પરંતુ સત્ય પ્રિય હોય કે અપ્રિય તો ય તે હંમેશા કલ્યાણપ્રદ જ છે. પાણીથી જ તરસ છિપાવાની છે, મૃગજળથી કદી નહીં. આ હિંસા ઇત્યાદિના પ્રકરણમાં આવા પણ વિચારો આવી શકે છે:

"આપણે તો ક્ષમા અને ઉદારતાની પહેલ કરીએ પરંતુ સામો પક્ષ તેને આપણી કમજોરી સમજીને આપણને ત્રાસ આપતો જ રહે તો તેથી તો તેની હિંસાવૃત્તિને જ ઉત્તેજન મળશે!" વગેરે.

આવા વિચારો આવે એવો મનનો સ્વભાવ છે, આવા તર્કો થાય એવું મગજનું ઘડતર છે. પરંતુ આ બંને - મન અને મગજ - હૃદયથી ઊતરતાં છે. હૃદય કાંઈક બીજું જ કહે છે. સામા પક્ષનું જ્યાં સુધી આપણી પાસે લેણું નીકળતું હશે ત્યાં સુધી જ તે આપણી ઉદારતા અને ક્ષમાનો પ્રતિભાવ નહીં આપે. તેનું લેણું પૂરું થતાં જ યોગ્ય - અનુકૂળ પ્રત્યુત્તર મળવાનો. હિંસાથી હિંસા જ ફાટી નીકળતી હોય તો અહિંસાથી અહિંસા કેમ ન સધાય? કેમ ન પમાય? આવી વાતો કરનારા અમારા જેવા ઘણા બધા અને આવી વાતો સાંભળનારા તથા વાંચનારા આપના જેવા ઘણા બધા ભલે આનું પાલન-આચરણ ન કરી શકે તેથી કાંઈ વાસ્તવિકતા, અવાસ્તવિકતા નથી થઈ જતી.

**વહેલા કે મોડા 'અપ્રિય સત્ય' કોઈકે તો કહેવું જ પડશે. તેથી જેટલું વહેલું કહેવાય તેટલું વહેલું શ્રેય.**

સૌના જીવન માટે અતિ અનિવાર્ય એવી ખેતી પાછળ પણ નાછૂટકાની જે જીવહિંસા થતી તેમાંથી મુક્ત

થવા માટે ઉત્પાદનના અમુક ટકા દાન, ધર્મ, પુણ્યમાં વાપરી નાખવાનું વિધાન પૂર્વકાળમાં હતું. આખા દિવસની દિનચર્યામાં જાણ્યેઅજાણ્યે જે હિંસા થતી તેમાંથી મુક્ત થવા માટે પણ બ્રહ્મયજ્ઞ, દેવયજ્ઞ, પિતૃયજ્ઞ, અતિથિયજ્ઞ અને ભૂતયજ્ઞ વગેરે પાંચ મહાયજ્ઞોનું વિધાન પહેલાના કાળમાં હતું. આ બધી વાતોથી એ જાણી શકાય છે કે જીવવા માટે અનિવાર્યપણે કરાતાં કાર્યોમાં પણ જે હિંસા થતી હતી તે માટે પણ લોકોના મનમાં કેટલી બધી પસ્તાવાની લાગણી હતી! જ્યાં સુધી અશાંતિના મૂળમાં પાણી રેડતા રહીએ અને માત્ર ડાળાપાંખડાં જ કાપતા રહીએ ત્યાં સુધી અશાંતિ જાય ક્યાંથી?

આટઆટલા પ્રયત્નો છતાં જો ભૌતિક શાંતિ પણ હાથમાં ન આવતી હોય તો સાચી-તાત્ત્વિક-આધ્યાત્મિક શાંતિની તો આશા જ ક્યાંથી રાખી શકાય? યોગજિજ્ઞાસુ, યોગસાધનાનો પ્રારંભ કરતાંની સાથે જ ભૌતિક શાંતિનો અનુભવ કરવા લાગે છે. કારણ કે યોગસાધનાનાં અંગઉપાંગોનું પાલન જ, પાલન કરનારને શાંતિજલથી નવડાવી દે છે. યમ-નિયમના પાલન વિના આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિમાં પ્રવેશી શકાતું નથી. અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અસંગ્રહને 'યમ' કહે છે; તથા પવિત્રતા, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વરશરણાગતિને 'નિયમ' કહે છે.

વિશ્વશાંતિના પ્રયત્નો કરવા છતાં પણ જો નિષ્ફળ જવાશે તો સર્વનો સંહાર નિશ્ચિત જ છે. પરંતુ વિશ્વશાતિનો પ્રયત્ન કરનારાઓને એટલો તો સંતોષ, એટલી તો તૃપ્તિ જરૂર હશે કે "અમે પ્રયત્ન તો કર્યો હતો."

સત્યનું આચરણ ભલે કઠિન હશે પણ સફળતા તો સત્યાચરણને જ વરેલી છે. જે પદ્ધતિ સફળતા આપી શકે છે તે ભલે ગમે તેટલી કઠિન હોય તોપણ સફળતાની તુલનામાં કઠિન ન કહી શકાય. સાચી પદ્ધતિને આચરણમાં મૂકવા જેટલા આપણે સમર્થ ન હોઈએ તેથી કાંઈ સાચી પદ્ધતિને વખોડી કઢાય નહીં કે તેના તરફ દુર્લક્ષ સેવાય નહીં. સાચી પદ્ધતિનું પ્રાપ્ત થવું તે સફળતાનું પ્રથમ ચરણ છે અને તેનો પોતાના મનમાં "સત્ય તરીકે સ્વીકાર થવો" તે સફળતાનું બીજું ચરણ છે. અસ્તુ.

### આતંકવાદ નાથવો છે ?

વરસાદ પડવાથી જેમ બિલાડીના ટોપ ફૂટી નીકળે છે તેમ આતંકવાદ ફૂટી નીકળતો નથી પણ તેને અસહનશીલતા અને અજ્ઞાનતા દ્વારા આમંત્રણ આપવામાં આવે છે.

આતંકવાદ નાથવા માટે પ્રથમ એ રહસ્ય જાણવું પડશે કે આંતકવાદનાં બીજ મનુષ્યના મગજમાં અને હૃદયમાં કેવી રીતે રોપાય છે? ઠેઠ હૃદયભૂમિમાં પડેલાં બીજને જ્યાં સુધી નષ્ટ કરવામાં નહીં આવે ત્યાં સુધી આતંકવાદ જડમૂળથી નાશ પામશે નહીં અને ગમે તે રૂપે, રંગે અને પ્રકારે ડોકિયું કરશે જ.

સ્થૂલાતિસ્થૂલથી માંડીને સૂક્ષ્માતિસૂક્ષ્મ હિંસાનો એક વખત પ્રારંભ થઈ જાય છે પછી બદલાની ભાવનાથી પ્રેરાઈને તેનું ચક્કર ચાલવું પ્રારંભ થઈ જાય છે; સામે પક્ષેથી યોગ્ય પ્રતિભાવ ન સાંપડવા છતાં "બદલો નથી લેવો, હિંસાનો જવાબ હિંસાથી નથી આપવો" એવી પહેલ તે વખતે જે કરી શકે છે તે પક્ષ જ હિંસાના ચાલતા ચક્રને થંભાવી શકે છે. હિંસાચક્રને પ્રારંભ કરવાની પહેલ ભલે ગમે તેના દ્વારા થઈ હોય પણ શક્તિશાળી પક્ષ તો તે જ છે કે જે તેને થંભાવવાની પહેલ કરે છે.

હિંસા ખોટી એટલા માટે છે કે તેનાથી વેર બંધાય છે અને પછી વેર-બદલો લેવાની સાંકળ એવી ગંઠાય છે કે જેથી પછી અનંત નિર્દોષ અને નિરપરાધ માણસોને તેમાં સંડોવાવું પડે છે; અને એ રીતે અનેક પેઢીઓ અને રાષ્ટ્રો તેમાં ગારદ થઈ જાય છે.

બાળમંદિરોમાં, શાળાઓમાં અને મહાશાળાઓમાં આધુનિક વિજ્ઞાનયુક્ત ઘણુ બધું શીખવવામાં આવે છે તે સારું જ છે. પણ જ્યાં સુધી ઉપર કહેલી પાયાની બાબતો નહીં શીખવાય ત્યાં સુધી આધુનિક ભણતર પાયા વિનાની ઇમારત જેવું સાબિત થશે, થયું છે.

"વેરથી વેર શમશે નહીં" એ વાત ઉપદેશવાની અને છાપાઓમાં આપવાની માત્ર ન રહેતાં એ શિક્ષણના

પાયાનો વિષય બને તે સમય હવે ઘણો વીતી ચૂક્યો હોવા છતાંય થોડો બાકી જરૂર છે. માનવરક્ષાના મહારથીઓ અને વિશ્વકલ્યાણના ચિંતકોએ મળીને એવું કાંઈક કરવાની સખ્ત જરૂર છે કે જેથી "વેરથી વેર શમશે નહીં" તે રહસ્ય યુક્તિપ્રયુક્તિ અને મનોવૈજ્ઞાનિક ઢંગથી બાળકોને ગળથૂથીમાંથી પાન કરાવી શકાય. વહેલો કે મોડો, તો જ આતંકવાદ નાથી શકાશે. આ સિવાયના ઘણા ઉપાયો વિશ્વ ઉપર અજમાવાઈ ચુકાયા છે તો આ પણ એક વખત આચરી જોવાય.

જો કે આતંકવાદનું અસ્તિત્વ જગત ઉપર દેવ-દાનવનાં યુદ્ધરૂપે કે દૈવી-આસુરી શક્તિના ઘર્ષણરૂપે વત્તાઓછા પ્રમાણમાં હરહંમેશ રહ્યું જ છે, રહેવાનું જ છે. તેને સંપૂર્ણપણે અટકાવી શકાશે નહીં. પરંતુ તેને વધુમાં વધુ શાંત કરવા માટે ગળથૂથીમાંથી જ - શિક્ષણના પાયામાંથી જ એ શીખવવું પડશે કે -

(૧) વેરથી વેર શમશે નહીં. (૨) બદલો ન લેવાની જે પહેલ કરે છે તે જ શક્તિશાળી છે. (૩) પોતાના મસ્તકની આહુતિ આપવા કરતાં પણ ઉપરોક્ત આહુતિ વધુ પુણ્યદાયી છે. (૪) હિંસાના ચાલતા ચક્રને થંભાવવામાં જે કાંઈ સહન કરવું પડે તે હસતાં હસતાં સહન કરવું તે કાયરતા નથી પણ તે જ સાચી શૂરવીરતા છે. વગેરે વગરે.

આ સિવાય તો 'હું તારાને મારું અને તું મારાને કાપ્ય', પછી મારવા-કાપવાના ચક્રને થંભાવે કોણ? આ ચક્રને થંભાવનાર સામા ઉપર તો ઉપકાર કરે જ છે પણ પોતાના ઉપર પણ ઘણો મોટો ઉપકાર કરે છે. હિંસાના ચક્રને થંભાવવાની પહેલ કરીને તે પોતાની પછીની આખી પેઢીને મારો-કાપોમાંથી બચાવી લે છે.

આવતી પેઢીમાં જડમૂળથી આવી કલ્યાણપ્રદ વિચાર-રોપણીનું ફળ ભલે બેચાર પેઢી પછી મળે પણ આ સિવાય તો કદી મળવાનું જ નથી તે આજ સુધીના અખતરાઓથી સાબિત થઈ ચૂક્યું છે.

"સ્વધર્મે નિધનં શ્રેય:" ઉપરોક્ત સ્વધર્મના વિચાર, આચાર, પ્રચાર અને પ્રસારમાં જે કાંઈ આપત્તિઓ આવે તેમાં અંતે શ્રેય જ છે. સ્વધર્મ એટલે પોતાનો ધર્મ અર્થાત્ આત્માનો ધર્મ. સર્વ આત્માને - તમામ જીવોને સુખશાંતિ મળે તેવા પ્રયત્નો કરવામાં મૃત્યુ આવે તોય તેને શ્રેયસ્કર ગણ્યું છે. અને "પરધર્મો ભયાવહ". પરધર્મ એટલે કે પારકો ધર્મ અર્થાત્ આત્મા સિવાયનો ધર્મ. કોઈપણ જીવને દુઃખ-અશાંતિ થાય તેવું વર્તન કરવું તે ભયકારક છે. આ વાતને સાબિત કરવાની જરૂર નથી, સૌને સ્વાનુભવ છે જ.

# ગુરુમહિમા
## (યોગરહસ્યોથી ભરપૂર - યોગનિષ્ઠારસથી તરબોળ)

— યોગભિક્ષુ

સમાધિ અવસ્થામાં સાધકને પરમ ચૈતન્યતત્ત્વ, પરમ આત્મા, પરમ ગુરુદેવનાં દર્શન થાય છે. સવજીદાસે 'ગુરુમહિમા'માં તેઓનું વર્ણન નીચેની પંક્તિઓમાં કર્યું છે.

**રૂપ, અરૂપ, અમર ભરથારા,**
**દેખ્યા ત્રણ પાંચથી પારા.**

પરમાત્મા - અમર ભરથારા, જેને કોઈપણ પ્રકારનું રૂપ નહોતું; જે અમર હતા, જે અજર હતા. એને પાછા કેવા દેખ્યા? 'ત્રણ પાંચથી પારા.' તેઓ 'ત્રણ' અને 'પાંચ'થી પર હતા. ત્રણ ગુણ અને પંચભૂત. સત્વ, રજ અને તમ; એમ ત્રિગુણ - ત્રણ ગુણો માનવામાં આવે છે. અને પૃથ્વી, પાણી, તેજ, વાયુ અને આકાશ - એ પાંચને પંચમહાભૂત કહેવામાં આવે છે. આપણું શરીર પંચમહાભૂતનું બનેલું છે. સમાધિ સમયે જેમનું દર્શન થયું તે ભરથાર કેવા હતા? તેઓ ત્રણ ગુણ અને પંચમહાભૂતથી પર હતા; તેમનું રૂપ અરૂપ હતું, તે

અજરઅમર હતા. અહીં બીજો અર્થ એ પણ નીકળે છે કે, જે સાધક પંચમહાભૂત અને ત્રણ ગુણોથી પર થઈ જાય તે સાધક અજરઅમર ભરથારને, અરૂપ ભરથારને, નિર્ગુણ-નિરાકાર ભરથારને પામી શકે. એવા ભરથારનાં દર્શન થયાં ત્યારે સાધકની સ્થિતિ કેવી હતી તેનું વર્ણન હવે પછીની લીટીમાં આવે છે.

**ઘણણણણ જ્યાં ઘોરજ ઘમકે,**

**દશો દિશામાં વીજળી ચમકે.**

આ બધી વાતો અગાઉ 'ગુરુમહિમા'ની સમજણમાં આવી ગઈ છે. મંદિરોમાં જે આરતી કરવામાં આવે છે એ શાનું પ્રતીક છે? આ અવસ્થાનું પ્રતીક છે - બ્રહ્માંડ ફૂટે છે એટલે કે પ્રાણનો બ્રહ્મરંધ્રમાં પ્રવેશ થાય ત્યાર પહેલાંની ભૂમિકા; એ સમયે શરીરમાં, જેમ મંદિરમાં આરતી વખતે શંખ, ઢોલ-નગારાં, પખાજ, વગેરે વાજિંત્રોના અવાજ થાય છે તેમ, આ બધા જ ઘોર સંભળાય છે. આ બધા જ વાજિંત્રો અનુભવાય છે. આરતી સમયે વાગતાં વાજિંત્રોની એકી સાથે ઘણેણાટી થતી હોય છે; એવી ઘણેણાટી અંદર બ્રહ્માંડમાં (મસ્તકમાં) યોગીને સંભળાય છે.

તો, જે યોગી નથી, સાધક નથી, એ અવસ્થાએ પહોંચ્યા નથી એને પણ ઉપરોક્ત અનુભવ કરાવવા માટે આપણા મહાપુરુષોએ આ બાહ્ય મંદિરોની રચના કરી અને મંદિરોમાં આ પ્રકારની સંધ્યા અને પ્રાતઃકાળની આરતી ગોઠવી. અને એ આરતી વખતે ઝાંઝ, પખાજ, મૃદંગ, ઢોલ, નગારાં ઈત્યાદિ બધાં વાજિંત્રો એક સાથે વગાડવામાં આવ્યાં. એનો જે સામૂહિક અવાજ નીકળ્યો એવો અવાજ યોગીને બ્રહ્માંડ ફૂટવા સમયે શરીરની અંદર સંભળાય છે. આ અનુભવ સામાન્ય જનસમુદાયને કરાવવા માટે આરતીરૂપી બાહ્ય સાધનની રચના મહાપુરુષોએ કરી. તો, જેમ બાહ્ય મંદિરોમાં આરતી થાય છે તેમ શરીરમંદિરમાં આરતી થતી હોય છે.

"..... દશો દિશામાં વીજળી ચમકે." કાલે રાત્રે કેવી વીજળી ચમકતી હતી! ઝબકારા કરતી હતી! પણ ક્યાં? કેવળ આકાશમાં. પણ અહીં તો દશે દિશામાં વીજળી ચમકે છે. જ્યારે પ્રાણ બ્રહ્મરંધ્રમાં પહોંચે છે ત્યારે પ્રકાશ થાય છે; વીજળીના જેમ ઝબકારા થતા હોય એવો પ્રકાશ થાય છે. કઈ દિશામાં? દશો દિશામાં. પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ, ચાર દિશાના ચાર ખૂણા, મસ્તક ઉપરના ભાગમાં આકાશ અને પગની નીચેના ભાગમાં પાતાળ; એમ દશો દિશામાં પ્રકાશ એટલે કે શરીરમંદિરનો બધો જ ભાગ પ્રકાશમય. એકએક ભાગ, પગથી તે માથા સુધી, બોંતેર કરોડ રુંવાડે, તમામે તમામ છિદ્રોમાં વીજળીઓ ચમકવા માંડી; એક પણ છિદ્ર બાકી ના રહ્યું. એમ પ્રકાશ-પ્રકાશ થઈ ગયો, ઝળહળાટ થઈ ગયો.

**વિના દીપક જ્યાં જ્યોત પ્રકાશા.**

એક બાજુ આ વીજળીઓ ઝબકારા કરે છે અને બીજી બાજુ અનંત જ્યોતો પ્રગટી રહી છે. કઈ જ્યોતને જોવી? જેમ દીપાવલીના દિવસે કોડિયામાં અનંત જ્યોતો પ્રગટાવીએ એમ આખા શરીરમાં ચારે બાજુ, દશે દિશામાં કુદરતી રીતે જ અનંત જ્યોતો પ્રગટે છે. વિના દીપક .... શરીરમંદિરની જ્યોતોને પ્રગટાવવા દીપકની-દીવાની જરૂર નથી પડતી, એ તો આપમેળે જ પ્રગટે છે, કુદરતી રીતે જ પ્રગટે છે.

ગુરુમહિમાની સમજૂતીમાં અત્યાર સુધી આ જે વર્ણન આવ્યું -

**વિના દીપક જ્યાં જ્યોત પ્રકાશા.**

**ઘણણઘણણ જ્યાં ઘોરજ ઘમકે.**

**દશો દિશામાં વીજળી ચમકે.**

**દેખ્યા ત્રણ પાંચથી પારા.**

**રૂપ, અરૂપ, અમર ભરથારા.**

**ઈંડ ફૂટ્યો ત્યાં ગર્જના ગાજી.**

**ઝડપ સુરત શબ્દને બાઝી.**

આ બધું કોના પ્રતાપે થયું? કોના આધારે થયું? આ બધા અજબ તમાશા કોણ બતાવી રહ્યા હતા?

## અણઘડ દેવના અજબ તમાશા!

'અણઘડ દેવ' આ બધા અજબ તમાશા બતાવી રહ્યા હતા. અણઘડ દેવ કોણ છે? તમામ દેવો, જેમને મંદિરોમાં બેસાડવામાં આવ્યા છે - ભગવાનના જે જે અવતારો થઈ ગયા એમના પ્રતીકરૂપે એમની મૂર્તિઓને આપણે મંદિરોમાં બેસાડી છે - એ બધા કેવા દેવ છે? એ બધી કેવી મૂર્તિઓ છે? ઘડ-ઘડેલી; એને કોઈને કોઈ મનુષ્યે ઘડેલી છે. ચાહે એ લાકડામાંથી, પથ્થરમાંથી કે ધાતુમાંથી બનાવેલી હોય અથવા તો કાગળ ઉપર રંગ અને પીંછીની મદદથી ચિત્રકારે ચિત્ર દોરેલું હોય, પરંતુ એ બધા દેવોની પ્રતિમાઓ ઘડેલી છે. પણ આ જગ્યાએ તો અણઘડ દેવની વાત છે. એ દેવને કોઈએ ઘડ્યા નથી. એ દેવ કયા? આત્મદેવ, પરમાત્મદેવ, ચેતનદેવ, સર્વવ્યાપક દેવ. એમને કોણે ઘડ્યા છે? અરે! એમને ઘડે કોણ? ખરેખર તો એ ચેતનદેવ જ બધાને ઘડે છે. તેથી અહીં કહ્યું - "અણઘડ દેવના અજબ તમાશા!"

ઉપર ગુરુમહિમાની પંક્તિઓમાં કહેલા બધા અજબ તમાશા કોણ કરી રહ્યું છે? અણઘડ દેવ. જેમને કોઈએ ઘડ્યા નથી પરંતુ જે સ્વયંભૂ છે. એમના દ્વારા થયેલ આ અજબગજબનો તમાશો! મનુષ્ય એક વખત જુએ તો પછી બીજા શેમાંય એને દિલચસ્પી રહે? બીજા શેમાંય એને અભિરુચિ રહે? ના રહે; એવો અજબનો એ તમાશો છે! તેથી આગળ સવજીદાસે શું કહ્યું?

## પાલો ગળી થઈ ગયું છે પાણી.

આ બધું જોયું એની સ્થિતિ કેવી થઈ ગઈ? "પાલો ગળી થઈ ગયું છે પાણી" જેવી. પાણી ભરેલા બરફના પ્યાલાને ગળતાં-પીગળતાં કેટલી વાર લાગે? થોડી ક્ષણોમાં એ પાણી થઈ જાય છે. તો પ્યાલો કહીએ તો બરફનો પ્યાલો, તે પ્યાલાનું રૂપ ઓગળી જઈ તે પાણીમાં ફેરવાઈ જાય છે. અને 'પાલો'નો બીજો અર્થ થાય છે કરા. જ્યારે ઘણી ઠંડી સાથે વરસાદ પડે છે ત્યારે જે કરા-બરફ પડે છે તેને પાલો કહેવામાં આવે છે. તો -

**પાલો ગળી થઈ ગયું છે પાણી,**
**અમરની મૂર્તિ અમરમાં સમાણી.**

જેમ પાલો પીગળી જઈ પાણી બનતાં વાર નથી લાગતી તેમ "અમરની મૂર્તિ અમરમાં સમાણી." 'અમરની મૂર્તિ' એટલે કઈ મૂર્તિ? જેનું રૂપ, અરૂપ છે, જે 'અમર ભરથારા' છે અને જે ત્રિગુણ અને પંચમહાભૂતથી પર છે એ મૂર્તિ. એ અમરની મૂર્તિ શેમાં સમાણી? અમરમાં. એ અમર-આત્માની અમર-મૂર્તિ પરમાત્મામાં સમાઈ ગઈ. અમર ચેતનની મૂર્તિ અમર ચેતનમાં સમાઈ ગઈ. જીવે બ્રહ્મરંધ્રમાં પહોંચી શિવ સાથે તાદાત્મ્ય સાધી લીધું. જે અમર છે તે અમરમાં સમાઈ ગયું.

## એકાકાર જ્યાં કાળ ન કાયા.

જેમ પાણીમાં મીઠું અથવા ખાંડ નાખવામાં આવે તો એ પાણી સાથે એકાકાર થઈ જાય છે. એનું એકાકારપણું દૃષ્ટિગોચર નથી થતું; પાણી અને ખાંડ કે પાણી અને મીઠું અલગ-અલગ નથી દેખાતાં. પરંતુ જો પાણીના એક ટીપાને જીભ ઉપર મૂકીએ તો એકાકારપણું નથી એમ ખાતરી થઈ જાય છે. તે વખતે પાણીમાં કાં તો ખારાશ અથવા મીઠાશ જણાય છે. તો આમ, તે ચક્ષુની દૃષ્ટિએ તો એકાકાર થઈ ગયું હતું. પણ સ્વાદની દૃષ્ટિએ એકાકાર થયું નહોતું. પરંતુ અહીં તો કેવું એકાકારપણું છે? પાણીની તપેલી ભરેલી હોય અને તેમાં એક બરફનો ટુકડો નાખીએ; બરફનો ટુકડો પાણી સાથે એવો તો એકાકાર થઈ જાય કે તે આપણી નજરમાં પણ ના આવે અને એકાકાર થયેલું પાણીનું ટીપું જીભ ઉપર મૂકીએ તો તેનો સ્વાદ પણ જુદો ના લાગે. આમ બરફનો ટુકડો પાણી સાથે બધી રીતે એકાકાર થઈ ગયો. આમ, "એકાકાર જ્યાં કાળ ના કાયા"માંનું એકાકારપણું આવી રીતે સમજવાનું છે.

પાણીમાં બરફ નાખતાં જેવું એકાકારપણું આવે છે તેવું એકાકારપણું ચેતન-આત્માના ચેતન-પરમાત્મા સાથેના મિલનથી આવે છે. પાણીમાંથી જ્યારે બરફના ટુકડાનું સ્વરૂપ બંધાયું ત્યારે બરફના ટુકડાનો લાંબો-પહોળો, ગોળ-ચોરસ એવો જે આકાર હતો; પાણી સાથે એકાકાર થઈ જવાથી હવે તેનો આકાર પહેલાં જેવો ના રહ્યો. એ પાણીમાં પડી, પાણીમાં રહી, પાણીમાં ભળી

ગયો ત્યારે એ એકાકાર થઈ ગયો, તેની કાયા ના રહી, તેનો આકાર ન રહ્યો. તેવી જ રીતે –

'એકાકાર જ્યાં કાળ ન કાયા.' ચેતન-આત્મા ચેતન-પરમાત્મા સાથે એકાકાર થઈ ગયો, આત્મા-પરમાત્માનો યોગ થઈ ગયો. પછી તેની કાયા ના રહી, પછી એને કાળ પણ ના રહ્યો. પછી એને કોણ મારી શકે? એને મૃત્યુ જ ક્યાં રહ્યું? એ અમર થઈ ગયો. તદા દ્રષ્ટુઃ સ્વરૂપેઅવસ્થાનમ્ - દૃષ્ટા સ્વરૂપસ્થ થઈ ગયો. પોતાના અસલ સ્વરૂપમાં મળીને એ અમર થઈ ગયો. એના સ્થૂળ રૂપને જે મરણ હતું, એના સ્થૂળ રૂપને જે કાળ હતો, એના સ્થૂળ રૂપને જે તબદીલી હતી, એના સ્થૂળ રૂપમાં જે પરિવર્તન હતું એ હવે ના રહ્યું. હવે જે પરિવર્તન થયું તે છેલ્લું હતું. હવે એનામાં બીજું પરિવર્તન આવવાનું જ નહીં. તો આ જગ્યાએ શું કહ્યું?

**એકાકાર જ્યાં કાળ ન કાયા,**
**અખે દેશ નહીં મોહ નહીં માયા.**

એકાકાર થઈ ગયા. હવે એને કાળ કંઈ કરી શકતો નથી. કારણ કે એને કાયા નથી અને તેથી "અખે દેશ નહીં મોહ નહીં માયા.' 'ગુરુમહિમા'ની આગળની પંક્તિઓમાં આપણે 'અખ મહેલમાં આનંદ ભરિયો'- આ પંક્તિ સમજ્યા હતા. 'અખે મહેલ' કહેતાં અક્ષય મહેલ. અહીં બીજી વખત 'અખે' શબ્દ આવ્યો. આગળની લીટીમાં 'અખે મહેલ' શબ્દ હતો અને અહીં 'અખે દેશ' શબ્દ આવ્યો. 'મહેલ' તો 'દેશ'ની અંદર આવી જાય. અહીં તો વાત છે આખો દેશ અક્ષય થઈ જવાની. આખો દેશ જ જ્યાં અક્ષય થઈ જાય, ક્ષય વિનાનો થઈ જાય, પછી ત્યાં મોહ પણ ક્યાંથી હોય અને માયાય ક્યાંથી હોય? કાયા પણ નહીં અને કાળેય નહીં; જ્યાં એવું એકાકારપણું આવી ગયું છે, જ્યાં આખો દેશ જ અક્ષય થઈ ગયો છે. જેમ કે - પાણીનું એક બિંદુ પાણીના મહાસાગરમાં મળી જાય તો એનો દેહ અક્ષય થઈ જાય છે. એનું પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ રહેતું નથી. એના અસ્તિત્વનો વિસ્તાર થઈ ગયો. તેવી જ રીતે આત્મા-પરમાત્માનો યોગ થવાથી, તે બંને એકાકાર થવાથી કાયા ના રહી અને કાયા ના રહેવાથી કાળ પણ ના રહ્યો. અને તેથી સાધકના શરીરરૂપી આખો દેહ અક્ષય થઈ ગયો. આમ થવાથી પછી મોહ અને મમતા બંને નાશ પામ્યાં. ચેતનમેં ચેતન સમાયા, ફિર કિસસે મોહ ઔર કિસસે માયા?

ઈંડ પાર સદ્‌ગુરુકા ડેરા,

**અવિચળ દેખ્યા અમર ફકીરા.**

"ઈંડ પાર સદ્‌ગુરુકા ડેરા" સદ્‌ગુરુનો નિવાસ, સદ્‌ગુરુનો મુકામ ક્યાં છે? એ ક્યાં વસે છે એની માહિતી આ પંક્તિમાં આપી છે. પરમાત્માને-ઈશ્વરને 'સદ્‌ગુરુ' નામથી સંબોધવામાં આવ્યા. તો, એવા સદ્‌ગુરુએ પોતાના ડેરા-તંબુ ક્યાં નાંખ્યા છે? પોતે ક્યાં બિરાજમાન છે?

પહેલાં આપણે વાત થઈ હતી કે ઈંડ બે છે. એક તો પિંડ-ઈંડ અને બીજો બ્રહ્મ-ઈંડ. ઈંડ એટલે કે ઈંડું. જેમ ઈંડું લંબગોળ હોય છે તેમ આ ઈંડ પણ લંબગોળ હોય છે. પિંડાંડ અને બ્રહ્માંડ, એ બે લંબગોળ અંડ છે. ઈંડ 'પાર' - જ્યાં ઈંડ પૂરો થાય છે તેની પેલે પાર સદ્‌ગુરુનો વાસ છે. જેમ અહીં આ વાત્રક નદીના કિનારે કેદારેશ્વર મહાદેવ છે અને એના સામા કિનારે પાવઠી નામનું ગામ છે. જો આપણે અહીંથી પાવઠી જવું હોય તો આપણે કહીએ કે 'મારે નદીની પેલે પાર પાવઠી મુકામે જવું છે.' એમ 'ઈંડ પાર' એટલે કે જ્યાં ઈંડ પૂરો થાય, જ્યાં ઈંડનો છેડો આવી જાય, જ્યાં ઈંડનો અંત આવી જાય; ત્યાં સદ્‌ગુરુ વસી રહ્યા છે, ત્યાં આત્માનો મુકામ છે, ત્યાં તેમણે ધામા નાખ્યા છે. તો, પરમાત્માને મળવા માટે ઈંડના પેલા છેડે જવું પડશે.

આપણે આગળ વાત કરી કે સાધકે બંકનાળને ભેદીને બ્રહ્માંડમાં-બ્રહ્મરંધ્રમાં જવાનું છે. આપણા શરીરરૂપી-પિંડરૂપી ઈંડનો નીચેનો છેડો પગનો અંગૂઠો છે, તેવી જ રીતે શરીરનો ઉપરનો છેડો બ્રહ્માંડ છે - બ્રહ્મરંધ્ર છે. પરમાત્મા ત્યાં બિરાજમાન છે. તો એમને

મળવા માટે પેલે પાર જવું પડે. આ પારથી પેલે પાર જવું પડે, બ્રહ્માંડમાં જવું પડે; મધ્યમાં રહીએ તો નહીં ચાલે.

જ્યાં પિંડ-શરીર પૂરું થાય ત્યાંથી ઉપર બાર આંગળની સીમા સુધી ચેતનાની વ્યાપ્તિ છે. આપણે મહાપુરુષોનાં, અવતારોનાં ચિત્રો જોયેલાં છે. ચિત્રમાં એમના મસ્તકની ફરતે એક તેજોમય વર્તુળ બતાવેલું હોય છે. એ શેનું પ્રતિક છે? શરીરની બહાર બાર આંગળ સુધી જે ચેતના વ્યાપેલી છે એનું એ પ્રતીક છે. ફક્ત મસ્તક પાસે જ નહીં પરંતુ આખા શરીરના ફરતે બાર-બાર આંગળ સુધી એ તેજોવર્તુળ વ્યાપીને રહેલું છે - એ ચેતના શરીરની બહાર બાર આંગળી સુધી વ્યાપીને રહેલી છે. જો કે એ તેજોવલય આપણા ચર્મચક્ષુથી જોઈ શકાતું નથી.

યોગીજનો પોતાની ચેતનાને સાધના દ્વારા ઘણા યોજનો સુધી વિસ્તારી શકે છે. એમની ચેતનાના વિસ્તારમાં જે જે પ્રાણીઓ આવે છે, મનુષ્યો આવે છે તે સૌ ઉપર યોગીજનો પોતાની મન-ધારી અસર પહોંચાડી શકે છે. તેમની ચેતનાના સંપર્કમાં આવતાં તમામ પશુપક્ષી-મનુષ્યોને તેઓ પોતાની મરજી પ્રમાણે ચલાવી શકે છે, એમની સમજણમાં ફેરફાર કરી શકે છે, એમને સન્માર્ગે દોરી શકે છે, સદ્ધર્મમાં ચલાવી શકે છે, પવિત્ર અને સાત્ત્વિક બનાવી શકે છે. ચેતનાનું વ્યાપકપણું દરેકે દરેક જીવમાં અમુક હદ સુધી હોય છે. પરંતુ સાધના અને યોગ દ્વારા એનો ઘણા લાંબા અંતર સુધી વિસ્તાર કરી શકાય છે. અને તેથી -

**અહિંસા પ્રતિષ્ઠાયાં તત્ સન્નિધૌ વૈરત્યાગઃ**

અહિંસાની પ્રતિષ્ઠા - અહિંસાની સિદ્ધિ જે યોગીજનોએ પ્રાપ્ત કરી છે. તેમના સાંનિધ્યમાં હિંસક પ્રાણીઓ પોતાનો હિંસક સ્વભાવ ભૂલી જાય છે. અસ્તુ.

"ઈંડ પાર સદ્ગુરુકા ડેરા" સદ્ગુરુનો નિવાસ ઈંડ પાર છે. જ્યાં ઈંડ પૂરો થાય ત્યાંથી પણ બાર આંગળ દૂર સુધી તે વસેલા છે. જ્યાં પિંડાડ અને બ્રહ્માંડ પૂરું થાય ત્યાંથી પણ ઉપર બાર આંગળ સુધી તે વસેલા છે. તેથી સમસ્ત પિંડ અને સમસ્ત બ્રહ્માંડનું સંચાલન તેઓ કરી શકે છે. સર્વને પોતપોતાનાં કર્મનાં ફળો પરમાત્મા એ રીતે આપી શકે છે. દરેક પશુ-પક્ષી-મનુષ્ય ઈત્યાદિ ચેતનતત્ત્વો બ્રહ્માંડમાં જ રહેલાં છે. તેથી બ્રહ્માંડની અંદર રહીને જ દરેક જીવ પોતપોતાનાં કર્મો કરે છે. ચાહે સત્કર્મો કે દુષ્કર્મો, ચાહે પવિત્ર કર્મો કે અપવિત્ર કર્મો; એમ જે કાંઈ કર્મો થાય છે તે બ્રહ્માંડની અંદર રહ્યાં રહ્યાં જ થાય છે. પરમાત્મા તો બ્રહ્માંડની પેલે પાર રહેલાં છે. તેથી બ્રહ્માંડમાં જે કાંઈ થઈ રહ્યું છે તે બધાની ખબર એમને પડે છે. બ્રહ્માંડની સીમા જ્યાં પૂરી થાય છે ત્યાંથી આગળ જઈને કોઈ કર્મ કરી શકતું નથી. બ્રહ્માંડમાં રહીને અને પિંડમાં રહીને જ આપણે આપણાં કર્મો કરીએ છીએ. પરમાત્મા બ્રહ્માંડની ઉપર છે તેથી એમને બધી ખબર પડી જાય છે. અને તેથી એ તમામ પ્રકારનાં સત્-અસત્ કર્મોનાં ફળ આપી શકે છે.

"અવિચળ દેખ્યા અમર ફકીરા." ફકીરા કહેતાં ત્યાગી, ભિક્ષુ, સંન્યાસી. આવાં ઉપનામો-વિશેષણો પરમાત્માને અપાયાં છે. તો, ઈંડ પાર કોણ વસી રહ્યું છે? અમર ત્યાગી, અમર સંન્યાસી, અમર ભિક્ષુ, અમર ફકીરા ત્યાં વસી રહ્યા છે. એ કેવા છે? અવિચળ છે. જે ચળ નથી, ચંચળ નથી; સ્થિર છે, અવિચળ છે, અખંડ છે, એકાકાર છે, નિરંજન છે, નિરાકાર છે.... અને –

**તે જ થકી સકળ પરકાશા,**
**તામેં લવ લાવે સવ દાસા.**

તેમના થકી સકળ (બધે) પ્રકાશ છે. એક "તે જ" થકી એટલે ના જ થકી અને બીજું "તેજ" થકી એટલે પ્રકાશ થકી. પ્રકાશ દ્વારા જ પ્રકાશ. પ્રકાશ કહેતાં આત્મા. એ આત્મા જો છે તો જ બધો અનુભવ છે. જો આત્મા ના હોય તો મડદાને તો કંઈ અનુભવ થવાનો નથી. એ તો પંચમહાભૂત છે. પૃથ્વી, પાણી, તેજ, વાયુ અને આકાશ; એ તો જડ છે. તો પ્રકાશ થકી જ, આત્મા થકી જ બધો પ્રકાશ છે. બધી જ લીલા છે.

"તામે લવ લાવે સવ દાસા." આ સવજીદાસ

પોતાને ગુરુનો દાસ ગણે છે. એ સિવાય પોતાને બીજું કાંઈ ગણતો નથી. "હું તો કેવળ ગુરુનો દાસ છું, એમના ચરણોમાં બેસવાવાળો છું." અને એ સવજીદાસે પોતાના ગુરુની કૃપાથી આખો 'ગુરુમહિમા' રચ્યો કે જેના વિષે આપણે બોલી-સમજી રહ્યા છીએ. સવજીદાસ શું કહી રહ્યા છે?

"તામેં લવ લાવે સવ દાસા." લવ કહેતાં એક ક્ષણ. જ્યારે ગુરુદેવની કૃપા થાય ત્યારે એક ક્ષણમાં ગુરુ-મહિમા રચાઈ જાય, એક ક્ષણમાં અજબ તમાશા દેખાઈ જાય, એક ક્ષણમાં આત્મજ્ઞાનની પ્રાપ્તિ થઈ જાય. જ્ઞાનરૂપી પ્રકાશની પ્રાપ્તિ થઈ જાય. સવજીદાસ પોતાના સદ્‌ગુરુમાં-પરમાત્મામાં લવલીન થઈ ગયા છે. તાદાત્મ્યભાવને પામી ગયા છે.

**દાસ સવો કહે સુણી સત લેવી,**
**ગુરુના ઘરમાં રમત જોઈ એવી.**

સવજીદાસ શું કહી રહ્યા છે? "સુણી સત લેવી." સત્ય વાત સુણી લેવી. હું જે કાંઈ કહી રહ્યો છું એ વાત સત્ય છે. "ગુરુના ઘરમાં રમત જોઈ એવી." - ઉપર જે કાંઈ વર્ણન કર્યું એ બધું જ મેં મારી નજરે જોયું; ગુરુના ઘરમાં. ગુરુનું ઘર એટલે પરમાત્માનું ઘર. ગુરુનું ઘર અથવા પરમાત્માનું ઘર અથવા તો બ્રહ્મરંધ્ર અથવા તો જે સ્થાનમાં અસંપ્રજ્ઞાત યોગ વખતે પ્રાણ સ્થિર થાય છે એ સ્થાન. આ સ્થાનને સવજીદાસે ઘણું ઉત્તમ નામ આપ્યું - ગુરુનું ઘર. એ લઘુનું ઘર નથી. એ મૂલ્યવાળું, મહત્તાવાળું ઘર છે. એ ઘરમાં પ્રવેશ પામ્યા પછી ક્યારેય બહાર નીકળવું પડતું નથી. એ ઘરમાં પ્રવેશ પામ્યા પછી બીજા કોઈ ઘરમાં પ્રવેશવાની જરૂર પડતી નથી. બીજા કોઈ ઘરમાં પ્રવેશવાની જરૂર ક્યારે પડે, કે જ્યારે આ ઘરની બહાર નીકળવાનું થાય ત્યારે ને? પણ આ તો ઘર જ એવું છે; ગુરુઘર; લઘુઘર છે જ નહીં. આ કોઈ મૂલ્ય વિનાનું, મહત્તા વિનાનું, પંચમહાભૂતનું ઘર છે જ નહીં. પણ આ તો

**અજર-અમર**
**અજબ તમાશાવાળું,**
**જ્યાં ઘણણઘણણ ઘોરજ ઘમકે,**
**દશો દિશામાં વીજળી ચમકે,**
**જ્યાં કોઈપણ પ્રકારના સ્થૂળ દીપક વિના,**
**જ્યોતો પ્રગટી રહી છે,**
**જ્યાં ગર્જનાઓ ગાજી રહી છે-**

તે ઘરમાં પ્રવેશ કરવાનો છે. પછી બીજા ઘરમાં જવાપણું શું કામ હોય? તેથી આ જગ્યાએ સવજીદાસ શું કહી રહ્યા છે? "ગુરુના ઘરમાં રમત જોઈ એવી!" એમણે કોઈ શાસ્ત્રીય નામ, કોઈ યૌગિક નામ, કોઈ વિદ્વત્તાપૂર્ણ નામ નથી આપ્યું. પરંતુ એવું મજાનું સુંદર, સરળ અને સચોટ નામ આપ્યું છે - "ગુરુનું ઘર". ગુરુના ઘરમાં એમણે રમત જોઈ, ઉપરોક્ત તમાશો જોયો. અહીં વપરાયેલ 'રમત' શબ્દ પણ એમના અનુભવનો નિચોડ છે. ગુરુના ઘરમાં આ બધી તો રમત છે. સવજીદાસ કહે છે કે "મારી આ સત્ય વાત તમને સંભળાવી રહ્યો છું કે મેં ગુરુના ઘરમાં આવી રમત જોઈ." અસ્તુ.

(ક્રમશઃ)

"ગુરુમહિમા" પુસ્તકમાંથી સાભાર

## ત્રેવડ ત્રીજો ભાઈ છે

– યોગભિક્ષુ

ધર્મમેઘમાં સત્સંગ ચાલતો હતો. સૌ પ્રાર્થનામાં તલ્લીન હતા. અમે પણ પ્રાર્થનાનો આનંદ લઈ રહ્યા હતા. પણ એક બહેન પ્રાર્થનાનો આનંદ છોડીને થોડી-થોડી વારે અમારા તરફ જોઈ લેતાં હતાં. તેની અમે નોંધ લીધી. હું પણ વિચારતો હતો કે આ બહેન શા માટે ફરીફરીને મારા તરફ જોતાં હશે! સ્વાધ્યાય પૂરો થશે ત્યારે તેમને કહીશ કે પ્રાર્થના વખતે તો કેવળ પ્રાર્થનામાં જ તલ્લીન થઈ જવું જોઈએ, બીજી બાજુ ધ્યાન આપવું ન

જોઈએ. સ્વાધ્યાય પૂરો થતાં અમે તેમને તે બાબતમાં પ્રશ્ન કર્યો તેનો જવાબ તેમણે આ પ્રમાણે આપ્યો -

"ગુરુજી! આપ જે ખુરશીમાં માથું ટેકવીને બેઠા છો ત્યાં માથાની પાછળ રાખેલો નેપકિન ખૂબ જૂનો છે અને તેમાં બે કાણાં પડી ગયાં છે. એ જોઈને હું વિચારતી હતી કે હું આવતા ગુરુવારે બે નવા નેપકીન લેતી આવું અને ગુરુજીને આપું, પણ ગુરુજી સ્વીકારશે કે કેમ? મારા મનમાં આ ગડમથલ ચાલતી હતી તેથી મારું મન પૂરેપૂરું પ્રાર્થનામાં ચોંટતું નહોતું." મેં જવાબમાં કહ્યું કે હું તમારી નેપકિનની પ્રેમભેટ જરૂર સ્વીકારું. એમાં શંકા રાખવાને કોઈ કારણ નથી. પણ થોડો ખુલાસો સૌને ઉપયોગી થઈ પડશે.

"પ્રથમ તો એ ખુલાસો કરું કે મારી પાસે બે ડઝન જેટલા નેપકિન પડ્યા છે. પણ આ જૂના નેપકિનથી પણ જે કામ કરવાનું છે તે બરાબર થાય છે, માથું અઢેલીને બેસવાથી ખુરશીને માથાનું ધાબું ન પડે એટલે નેપકિન રાખ્યો છે. તે કામ બરાબર થાય છે. એમાં નેપકિનનું જૂનાપણું કે તેમાં કાણાંનું હોવાપણું કાંઈ અડચણ કરતાં નથી. નવા નેપકિનની જરૂરત લાગશે ત્યારે જરૂર નવો કાઢીશું. આપણે કોઈને કાંઈ ભેટ આપવી હોય તો નવી અને સારી હોય તે જ અપાય." તેથી હું જૂની વસ્તુને ખૂબ કાળજીપૂર્વક અને પૂરેપૂરી વાપરું છું. નવી વસ્તુને કોઈને આપી શકાય તે માટે શક્ય હોય ત્યાં સુધી સાચવી રાખું છું. આ વાત પરથી અમને અમારા પૂજ્ય બાનો સ્વભાવ યાદ આવે છે. તેઓ સારા ચોખાનો ડબો ભરી રાખતાં અને સામાન્ય ચોખા ઘરમાં વાપરતાં. તેનો ખુલાસો કરતાં તેઓ કહેતા કે સારા ચોખા મહેમાન આવે ત્યારે કામ આવે ને? આ ચાલુ ચોખાથી આપણે ઘરમાં ચાલે છે. પૂજ્ય બા અવારનવાર એક અતિ ઉપયોગી સૂત્ર બોલતાં કે "ત્રેવડ ત્રીજો ભાઈ છે." એટલે કે ત્રેવડ-કરકસર ત્રીજા ભાઈ જેટલી સહાયરૂપ નીવડે છે. બાકી તો એવું પણ બનતું હોય છે કે પોતાના પ્રેમીજનો, ભક્તજનો પાસેથી નવી નવી વસ્તુઓ મેળવવા માટે જ જૂની વસ્તુઓ, જૂના પ્રદર્શનની યુક્તિ થતી હોય છે. અથવા તો એ રીતે પોતાની ત્યાગ-ભાવનાનું પ્રદર્શન પણ થતું હોય છે.

"ત્રેવડ ત્રીજો ભાઈ છે" એ સૂત્ર ગૃહસ્થાશ્રમ માટે ખરેખર સોનેરી સૂત્ર છે - જીવન-પાથેય સમાન છે. કુટુંબનો દરેક સભ્ય આ સૂત્રને જીવનમાં અપનાવે-આચરે તો ઘણો મોટો બોજ કુટુંબ પરનો ઓછો થઈ જાય અને તો વધુ ધન પ્રાપ્ત કરવા માટે ખોટા અનીતિનાં કાર્યો કરવામાંથી મુક્ત રહી શકાય. ત્રેવડપૂર્વક સંસાર-વહેવાર ચલાવવો એ પણ એક મહાન કળા છે. અને આવી કળાનું આચરણ કરવામાં અલૌકિક આનંદની પ્રાપ્તિ થાય છે. આપણી ત્રેવડને જોઈને કોઈ આપણને વેદિયા, ચીકણા, બુચિયા કે ગુંદરિયા કહે તો પણ આપણે ખળભળી જવું જોઈએ નહિ. ઓછી સમજ, ઘમંડ અને દેખાદેખીના કારણે ત્રેવડવાળાને ચીકણા કહેવાવાળાની સ્થિતિ છેવટે કેવી થાય છે તે તો "પાઘડીનો વળ છેડે આવે" ત્યારે જ ખબર પડે છે. બહેનોમાં જો ત્રેવડનો ગુણ કેળવાય તો તે પરિવાર માટે કલ્પવૃક્ષનું કામ કરે છે. "ટીપે ટીપે સરોવર ભરાય" એ ન્યાયે ત્રેવડવાળા લોકો પરિવાર, દેશ અને દુનિયા માટે ઘણું સુંદર અને આશ્ચર્યજનક કાર્ય કરી શકે છે. આ વાતની સાથે શ્રી બાલકોબા ભાવે સાથેનો એક પ્રસંગ યાદ આવી જાય છે. ઉરૂલીકાંચન ગયો ત્યારે તેઓ એક આંખ બંધ રાખીને એક આંખે જ વાંચતા હતા. તે બાબતનો ખુલાસો કરતાં તેમણે કહ્યું કે એક આંખથી ચાલતું હોય તો બે આંખ શા માટે વાપરવી જોઈએ? લોકોના આવેલા પત્રોની એક બાજુની કોરી બાજુનો તેઓ લખવામાં ઉપયોગ કરતા હતા. તેઓ કહેતા કે રાષ્ટ્રની સંપત્તિને ખૂબ સંભાળપૂર્વક વાપરવી જોઈએ.

જીવનમાં ઝીણી-ઝીણી બાબતોમાં ખૂબ સાવધાન રહીશું તો શાંતિ આપણા ચરણ ચૂમતી આવશે. પણ આપણે તો "કાંખમાં છોકરું ને બહાર ગોતવા જવું" જેવું કરીએ છીએ. બુદ્ધિની અવળચંડાઈના કારણે હરદ્વારની ગંગાજી દૂર લાગે છે અને ઘરે આવેલાં ગંગાજી "ગંગાજી" નથી લાગતાં! "ગામનો જોગી જોગટો" નહિ લાગે તો જ તેનો પૂરો લાભ મેળવી શકીશું." અસ્તુ.

# ગુરુસંતો પાસેથી પરમ કલ્યાણની વાતો સમજીએ
## (વડીલોના સન્માનનો સંક્ષિપ્ત અહેવાલ)

તા. ૧૦-૨-૨૦૦૨

મહેંદી નવાઝ જંગ હોલ, અમદાવાદ

"યોગેશ્વર સમર્પણ સેવા મંડળ" (રાજકોટ) અને "હળવદ બ્રહ્મ સમાજ" (અમદાવાદ)ના સંયુક્ત ઉપક્રમે તથા "ઓમ્ પરિવાર ટ્રસ્ટ" (અમદાવાદ)ના આધ્યાત્મિક વડા પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી મહારાજશ્રીની પાવન ઉપસ્થિતિમાં, પચાસ વર્ષીય અખંડ દાંપત્યજીવન ધરાવતા વડીલોનો સન્માનસમારંભ અત્યંત ભક્તિભાવમય વાતાવરણમાં, અમદાવાદ મુકામે ઉજવાઈ ગયો.

પરમ પાવન વેદધ્વનિ સાથે સમારંભનો પ્રારંભ થયો. શ્રદ્ધેય શ્રી સી. બી. શુકલભાઈએ સંક્ષિપ્તમાં સૌનો પરિચય આપ્યો. પૂજ્યશ્રી યોગભિક્ષુજીનો પરિચય આપતાં તેઓશ્રીએ કહ્યું કે "દાદાનો (યોગભિક્ષુજીનો) પરિચય હું કઈ રીતે આપું? તેઓશ્રીનો પરિચય આપવામાં 'હળવદ રત્ન એવોર્ડ' ઓછો પડે."

વડીલોના સન્માનની શરૂઆત સત્યાસી વર્ષના પૂજ્ય શ્રી મહાદેવભાઈ શાસ્ત્રીથી થઈ તથા પૂર્ણાહુતિ બાણું વર્ષના પૂજ્યશ્રી હરીલાલ જ. રાવલથી થઈ. તેઓ બંને વડીલશ્રીઓનું સ્વાગત-સન્માન યોગભિક્ષુજીએ કર્યું. દરેક વડીલના ચરણોમાં પૂજ્યશ્રી યોગભિક્ષુજી તરફથી એક કવર અર્પણ કરવામાં આવ્યું. દરેક કવરમાં સો-સો રૂપિયાની એક એક નોટ તથા સત્સાહિત્યની ત્રણ-ત્રણ પત્રિકાઓ મૂકવામાં આવી હતી. પત્રિકામાં છપાયેલ સામગ્રી વિષે પૂજ્યશ્રીએ જણાવ્યું કે "તેમાં જીવનભરનું અને જન્મોજન્મનું ભાથું થઈ શકે તેવું ઉપયોગી સાહિત્ય પીરસાયેલું છે." આ વેળાએ સૌએ હર્ષધ્વનિ કર્યો અને સી. બી. શુકલભાઈએ પણ હર્ષધ્વનિને અનુમોદન આપતાં હોય તેમ કહ્યું કે "વડીલોનું સન્માન કરવાનું તો પૂજ્ય દાદા પાસેથી શીખવું જોઈએ."

ત્રણ પત્રિકાનાં નામ હતાં : (૧) સ્મશાન એ તો મહાવિદ્યાલય છે, (૨) કુદરતની કરુણા અને (૩) ગૃહસ્થાશ્રમનો પુનરોધ્ધાર કરીએ.

પૂજ્યશ્રી યોગભિક્ષુજીએ આશીર્વચનમાં કહ્યું કે "વહેવાર-પ્રપંચની વાતો તો આપણે દિનરાત સાંભળીએ છીએ જ પણ તેથી ઉપરની વાતો, અતિ કલ્યાણકારી વાતો સાંભળવા માટે જ આપણે ગુરુસંતોને અતિ આગ્રહ અને અતિ વિનંતિપૂર્વક બોલાવીએ છીએ."

"જીવમાત્રની તમામ પ્રવૃત્તિઓ સુખપ્રાપ્તિ માટેની જ છે. પણ જીવ ઓછી સમજણના કારણે મૃગજળ જેવા ક્ષણિક ક્ષણભંગુર સુખ પાછળ દોડે છે અને પછી પસ્તાય છે. મનુષ્યજન્મ પ્રાપ્ત કરીને જો, જન્મ-મરણના ચક્કરમાંથી કાયમ છૂટી જઈએ - સનાતન સુખને પ્રાપ્ત કરી લઈએ એવાં કર્મો ન કરીએ તો મનુષ્યજન્મ નિષ્ફળ ગયો કહેવાય.કોઈને લાગે કે શરીર જ ન હોય તો સુખ કેવી રીતે પ્રાપ્ત થાય? તેનો જવાબ એ છે કે રોજ રાત્રે સ્વપ્નમાં આપણે જે કાંઈ લૌકિક-અલૌકિક અનુભવો પ્રાપ્ત કરીએ છીએ તે બધા શરીર વિના જ થાય છે. મોક્ષનું સનાતન સુખ તો અદ્વિતીય છે, સ્વસંવેદ્ય છે."

લોકકલ્યાણની ભાવનાવાળા સૌને સાવધાનીના બે બોલ કહેતાં પૂજ્યશ્રીએ કહ્યું કે "આપણે જેમનું કલ્યાણ કરવાના પ્રયત્નો કરીએ છીએ તેઓ સૌ ઓછી સમજણના કારણે પોતાની જૂની માન્યતાઓ છોડવા તૈયાર નથી. તેમને આપણી વાત સાચી લાગતી નથી. તેથી તેઓ આપણને થેંક્યુ કહેવાના નથી, પણ ઉપરથી આપણે તેમને થેંક્યુ કહેવું પડશે. કારણ કે તેઓ આપણને તેમનું કલ્યાણ કરવાની તક આપે છે. તેઓ જો આપણને આવી તક જ ન આપે તો આપણું શું થાય? માટે લોક-

કલ્યાણકામી જનોએ આવાં ગુપ્ત રહસ્યોથી અવગત રહેવું જોઈએ."

સંસારીનું સુખ કાચું, પરણીને રંડાવું પાછું,
તેને તુચ્છ કરીને ફરીએ રે મોહન મારા,
પરણું તો પ્રિતમ પ્યારો, અખંડ હેવાતણ મારું,
રાંડવાનો આવે નહીં વારો રે મોહન મારા.

ઉપરોક્ત મીરાબાઈના ભજનની લીટીઓના સારરૂપે પૂજ્યશ્રીએ કહ્યું કે "વિધુર કે વિધવા ના થવું પડે એવી અખંડ સૌભાગ્યની - સાચી સમજણની સ્થિતિ પ્રાપ્ત કરી લઈએ તો જ મનુષ્યજન્મ સફળ થયો કહેવાય."

"ઉંમરના કારણે જે કાંઈ તકલીફો પડે તેને તપ સમજીને ભોગવીશું તો તે ઓછી કષ્ટદાયક લાગશે. ભય અને અજ્ઞાનના કારણે નાની તકલીફ પણ ઘણું મોટું સ્વરૂપ લઈ લે છે. જ્યાં બધી જ પથીઓ નિષ્ફળ જાય ત્યાં પણ ગુરુપથી સફળ થાય છે. અને ગુરુપથી એટલે સાચી સમજણ; ગુરુ સંતો પાસેથી મેળવેલ સાર-અસારની સાચી સમજણ અને નિત્ય-અનિત્યના વિવેકપૂર્વકનું આચરણ એ ગુરુપથી છે; ગમે તેટલી પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ, અસ્થિર બનીને દુઃખદર્દોને વધારી ન મૂકીએ અને ઔષધમ્ જાહ્નવી તોયમ્ વૈદ્યો નારાયણો હરિઃ એ ભાવનામાં સુસ્થિર રહીએ તે ગુરુપથી છે, કારણ કે ગુરુપથી સિવાય બીજી એકે પથી છેવટ સુધી સાથ આપી શકતી નથી."

વર્તમાન સમાજનું ચિત્ર રજૂ કરતાં પૂજ્યશ્રીએ કહ્યું કે -

સંતાનમાં સુગંધ આવે ક્યાંથી માં-બાપની ?
દૂધ પામે ડબ્બાનું, તાલીમ પામે પાપની,

સંતોથી, સંસ્કાર આપો, ગામે ગામ ગુરુકુલ સ્થાપો,
કહે યોગભિક્ષુ ખાત્રી રાખો, પુત્રનું સુખ તો જ ચાખો.

બહેનો વિષે પણ પૂજ્યશ્રીએ અતિ ઉત્કૃષ્ટ ચિત્ર ફક્ત બે લીટીમાં આ પ્રમાણે રજૂ કર્યું -

પ્રબલા જીવન વાહ! તેરી અમર કહાની,
આંચલમેં હૈ બુદ્ધ, ઔર આંખોમેં ભવાની.

પૂ. યોગભિક્ષુજી માટે, શ્રી ચંદ્રકાન્તભાઈ "દાદા" એવું વહાલસોયું સંબોધન કરતા હતા. તે બાબતનો ખુલાસો કરતાં પૂ. યોગભિક્ષુજીએ કહ્યું કેઃ શ્રી ચંદ્રકાન્તભાઈ અમારા માટે પરમ આત્મીય એવું "દાદા" સંબોધન કરી રહ્યા છે. વાત્સલ્ય ભરપૂર "દાદા" શબ્દ સાંભળતાં જ તેમના તરફ પણ વાત્સલ્યની ઊર્મિનો ઉમળકો ચઢી આવે છે. પણ સાંભળનાર સૌને કુતૂહલ-જિજ્ઞાસા થતાં હશે કે આ દાદા એટલે કોણ? તેમનો પરિચય શું? તેથી તેનો ટૂંકમાં ઉત્તર આપવાનો અમે જ પ્રયત્ન કરીએ - કુટુંબ પરિવારનું અમારું નામ છે મુગટરામ પ્રભાશંકર કેશવજી જોશી. સરનામું છે - પારેખ ફળી, હળવદ, સૌરાષ્ટ્ર. પણ ઓમ્‌પરિવારનું હાલનું અમારું નામ "યોગભિક્ષુ". સરનામું છે મણિનગર-અમદાવાદ. કાર્યક્ષેત્ર છે - સમસ્ત વિશ્વ- વસુધૈવ કુટુંબકમ્ - સબભૂમિ ગોપાલકી. ઓમ્‌પરિવાર નામની અમારી આધ્યાત્મિક સંસ્થા છે. સંસ્થામાં અમને સૌ આધ્યાત્મિક વડાની નજરે જુએ છે. સંસ્થા તરફથી, જીવનપાથેય થઈ શકે તેવાં બાવીસ-ચોવીસ પુસ્તક-પુસ્તિકાઓ અને પંચોતેર-એંશી સત્‌સાહિત્ય પ્રચાર-પત્રિકાઓ પ્રકાશિત થઈ ગયેલ છે. ટ્રસ્ટનો મુખ્ય ઉદ્દેશ્ય છે લોકમાનસને સ્વસ્થ અને સ્વરૂપસ્થ બનાવવાનો પ્રયત્ન કરવાનો. ઓફિસ છે નારણપુરામાં. કુટુંબપરિવારના નામ કરતાં ઓમ્‌પરિવારના "યોગભિક્ષુ" નામ સાથે સંબંધ રાખવાથી વધુ લાભ છે - આધ્યાત્મિક લાભ છે. યોગભિક્ષુનો તથા સંસ્થાનો વધુ પરિચય પ્રાપ્ત કરવાની ઇચ્છા ધરાવતા હોય તેમને, સંસ્થા દ્વારા પ્રકાશિત "ક્રાંત ચિંતન" પુસ્તક જોઈ જવા વિનંતી છે. અનુભવી સંતોએ કહ્યું છે કે -

જાતિ ન પૂછીએ સાધુકી, પૂછી લીજિએ જ્ઞાન,
મોલ કરો તલવારકા, પડા રહન દો મ્યાન.

સભામાં ઉપસ્થિત સર્વેને વંદન કરતાં છેલ્લે પૂજ્ય શ્રી યોગભિક્ષુજીએ કહ્યું કે - "હું તો આશિષ આપવા નહિ પણ આશિષ લેવા આવ્યો છું. કવરમાં મૂકેલ સો રૂપિયાની નોટ એ દ્રવ્ય તરીકે નહિ પણ પુષ્પં પત્રં તરીકે - ફુલપાંખડી તરીકે વડીલોના ચરણોમાં અર્પણ છે."

છેલ્લે ત્રણ વખત ગાયત્રી મંત્ર અને નમઃ પાર્વતિપતયે બોલાવીને પૂજ્યશ્રીએ પોતાનું બોલવાનું પૂરું કર્યું. અસ્તુ.

# પ્રેરણાદાયી પત્રાંશ

॥ ૐ॥

મુકેશભાઈ શાહ
હ્યુસ્ટન

પ.પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી મહારાજની સેવામાં.

ગુરુપૂર્ણિમાના દિવસે આપના ચરણોમાં કોટિ નમસ્કાર. તારીખ ચોથી ઓગસ્ટના રોજ આપની પાવન નિશ્રામાં ન્યુજર્સીમાં ગુરુપૂર્ણિમાનો મહોત્વસ ઊજવવાનો છે તેની આમંત્રણપત્રિકા મળી છે. મારે ચોથી તારીખના રોજ અમેરિકાથી ભારત પાછા જવાનું થયું છે તેથી ત્યાં ગુરુપૂર્ણિમાના કાર્યક્રમમાં આવી શકાય તેમ નથી.

અમદાવાદ, ડાકોર અને પલિયડમાં આપના સત્સંગ-સ્વાધ્યાયનો ઘણો લાભ મને અને મારાં માતુશ્રી કુસુમબહેનને મળ્યો છે. તે બદલ અમો આપનાં ઘણાં ઋણી છીએ. આપની વાણી ખૂબ સરળ અને હૃદય સોંસરવી ઊતરી જાય છે. વેદ-ઉપનિષદોના ગહન વિષયો આપ આસાનીથી સમજાવો છો, અને એ પણ રોજિંદા જીવનનાં ઉદાહરણો આપીને - તે બાબત અદ્ભુત છે. ગાયત્રી-મારુતિ યજ્ઞ તો ગજબ છે! આવો પ્રયત્ન બીજા કોઈએ કર્યો હોય તેવું સાંભળ્યું નથી. એક વાર મેં તે યજ્ઞમાં હાજરી આપી હતી. તેનો રણકાર -

**કૌનસો સંકટ મોર ગરીબકો, જો તુમસો નહીં જાત હૈ ટારો;**
**વેગી હરો હનુમાન મહાપ્રભુ, જો કછુ સંકટ હોય હમારો.**

અને "ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યોનઃ પ્રચોદયાત્ ૐ" હજુ સંભળાયા કરે છે.

આપશ્રીએ અમેરિકા આવીને અહીંના મુમુક્ષુઓ ઉપર મોટો ઉપકાર કર્યો છે. અહીંના ભૌતિકવાદી વાતાવરણમાં આપની હાજરીથી ખૂબ જાગૃતિ આવે છે તે નિઃસંદેહ છે. પરમ કૃપાળુ પરમાત્મા આપને દીર્ઘાયુ અને સારું સ્વાસ્થ્ય અને શક્તિ આપે, જેથી અમને બધાને આપની વાણીનો લાભ કાયમ મળ્યા કરે તેવી પ્રાર્થના કરું છું.

ફરીથી આપના ચરણકમળોમાં કોટિ નમસ્કાર કરી વિરમું છું.

લિ. મુકેશ/અમીતા તથા
ઉર્મિલા, જૈમિનના પ્રણામ

॥ ૐ ॥

ભાનુભાઈ પંચોલી
અમદાવાદ

પ્રાતઃસ્મરણીય આદરણીય, પરમ પૂજ્ય ગુરુજી તથા ઓમ્‌પરિવારનાં વહાલાં સ્વાધ્યાયી ભાઈ-બહેનો.

સાદર પ્રણામ.

પરમ આદરણીય ગુરુદેવના આશીર્વાદ અને અમીદૃષ્ટિથી અમે પરિવારમાં સૌ કુશળ છીએ. પૂજ્ય ગુરુદેવના નિરામય સ્વાસ્થ્ય અને દીર્ઘાયુષ્ય માટે પરમ કૃપાળુ ઓમ્ પરમાત્માને પ્રાર્થના કરીએ છીએ. તેઓશ્રીએ ઓમ્‌પરિવારને સમાજસેવા સાથે પ્રભુભક્તિનો જે રાહ ચીંધ્યો છે તે પ્રમાણે વર્તવામાં અમે આનંદ અને ગૌરવ અનુભવીએ છીએ. પૂજ્ય ગુરુદેવની અમૃતવાણી સામાન્ય જનને સમજવામાં સરળ અને હૃદયદ્રાવક હોવાથી ખૂબ જ લોકપ્રિય છે.

"ગુરુપૂર્ણિમા"નો પવિત્ર તહેવાર નજીક આવી રહ્યો છે ત્યારે ઓમ્‌પરિવારનાં સૌ સ્વાધ્યાયી ભાઈ-બહેનો પૂજ્ય ગુરુદેવ ઉપસ્થિત નથી છતાં તેમના આશીર્વાદ તો સૌ ભાઈ-બહેનોને અવશ્ય મળી રહેશે તેવી અમને સંપૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ છે. આ પ્રસંગે 'ગુરુપાદુકા'નું સાચા હૃદયથી પૂજન કરીશું અને તેઓશ્રીના નિરામય સ્વાસ્થ્ય તથા દીર્ઘાયુષ્ય માટે પરમ કૃપાળુ ઓમ્‌પરમાત્માને પ્રાર્થના કરીશું. તેઓશ્રી પરિવારના આધ્યાત્મિક વડા હોવા છતાં પરિવારના નાના-મોટા સૌની સાથે એવા તો મળી ગયા છે કે સૌના હૃદયમાં સ્વજન તરીકેનું સ્થાન મેળવી નિઃસ્વાર્થભાવે આશીર્વાદની સરવાણી વહેવરાવી રહ્યા છે. આજે તેઓશ્રી ભારતમાં નથી છતાં પણ જાણે કે સૂક્ષ્મ રીતે આપણી સાથે જ રહી આપણને પરોક્ષ રીતે જ્ઞાનામૃતનું પાન કરાવી રહ્યા હોય તેવો અહેસાસ કરાવે છે. ધન્ય છે ઓમ્‌પરિવારનાં સ્વાધ્યાયી ભાઈ-બહેનોને કે જેમને આવા પરોપકારી, નિઃસ્વાર્થ અને કરુણામય મૂર્તિ સમાન 'ગુરુદેવ' મળ્યા હોય!

પૂજ્ય ગુરુદેવે પોતાનું કાર્યક્ષેત્ર સીમિત નહીં રાખતાં ભારત બહાર અન્ય દેશોમાં વસતા લોકોને 'બહુજનહિતાય' પોતાના જ્ઞાન, અનુભવ અને અમૃતવાણીનો લાભ આપવા ઉદાર દૃષ્ટિ રાખી છે. અને આટલી જૈફ ઉંમરે પણ યુવાનોને શરમાવે તેવી સ્ફૂર્તિથી રાત-દિવસ આધ્યાત્મિક પ્રવૃત્તિઓમાં મગ્ન રહે છે.

પૂજ્ય ગુરુદેવના આશીર્વાદ અને અમીવર્ષા સર્વ સ્વાધ્યાયી ભાઈ-બહેનો ઉપર સદાય સતત વરસતાં જ રહો એવી પ્રાર્થના સાથે તેઓશ્રીના ચરણકમળમાં અમારા સૌના સાષ્ટાંગ દંડવત્ પ્રણામ.

આપના ગુણાનુરાગી,
ભાનુભાઈ પંચોલી, જયંતિભાઈ પંડ્યા, બીપીન પંચોલી
જનક પંચોલી અને સમસ્ત પરિવાર

# ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત પુસ્તકો :

૩-બ, પલિયડનગર સોસાયટી, સેંટ ઝેવિયર્સ સ્કૂલ રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩. (GUJ.-INDIA) ફોન - ૭૯૧૧૧૯૫

## ગુજરાતી

| | | |
|---|---|---|
| ૧. | ગુરુમહિમા (યોગરહસ્યોથી ભરપૂર) (બીજી આવૃત્તિ) | ૫૫.૦૦ |
| ૨. | મુક્તા (પાતંજલ યોગદર્શન - સમાધિપાદ) (બીજી આવૃત્તિ) | ૩૮.૦૦ |
| ૩. | શાંતા (પાતંજલ યોગદર્શન - સાધનપાદ) | ૬૦.૦૦ |
| ૪. | મારા ગુરુદેવ (જીવન અને સાધનાની અનુભૂતિ) (બીજી આવૃત્તિ)... | ૧૬.૦૦ |
| ૫. | ઈશ્વરની ઓળખ (ઈશ્વર કોને કહી શકાય?) (ઓમ્ વિષેની સંપૂર્ણ માહિતી) (ત્રીજી આવૃત્તિ) | ૯.૦૦ |
| ૬. | મંત્રવિજ્ઞાન અને ધ્યાન | ૨૦.૦૦ |
| ૭. | સત્સંગ-પરાગ | ૨.૦૦ |
| ૮. | નિર્ઝર ઝર્યું કો ગેબથી (વિશ્વઅશાંતિના અતિ ગુપ્ત કારણોની મૌલિક રજૂઆત) (બીજી આવૃત્તિ) | ૧૫.૦૦ |
| ૯. | કિસકો લાગું પાય?... | ૫.૦૦ |
| ૧૦. | સ્વાધ્યાય (ત્રીજી આવૃત્તિ) | ૧૦.૦૦ |
| ૧૧. | મારે સમાજને બેઠો કરવો છે (બીજી આવૃત્તિ).. | ૯.૦૦ |
| ૧૨. | પ્રેરણાસિંધુ (બીજી આવૃત્તિ)... | ૨૦.૦૦ |
| ૧૩. | પ્રેરણાપીયૂષ (શ્રી ગુરુપ્રેમભિક્ષુજીના પ્રેરણાદાયી પત્રો). | ૮.૦૦ |
| ૧૪. | કડવું અમૃત (બીજી આવૃત્તિ).. | ૪૦.૦૦ |
| ૧૫. | ક્રાંતિકારી ગરબાનું કાર્ડ... | 3.00 |
| ૧૬. | ઓમ્નારાયણના ચિત્રો (મોટા) ... | ૫.૦૦ |
| ૧૭. | ઓમ્નારાયણના ચિત્રો (નાના) ... | 3.00 |
| ૧૮. | પૂ. યોગભિક્ષુજી + પ્રણવપટ્ટનો ફોટો | ૫.૦૦ |
| ૧૯. | પ્રણવપટ્ટનો ફોટો... | 3.00 |

ૠતમ્ભરા (ત્રિમાસીક) : વાર્ષિક લવાજમ રૂા. ૨૦.૦૦
આજીવન રૂા. ૨૫૦.૦૦

## હિન્દી

| | | |
|---|---|---|
| ૧. | નિર્ઝર ઝરા કો ગેબસે (વિશ્વઅશાંતિના અતિ ગુપ્ત કારણોની મૌલિક રજૂઆત) ... | ૧૦.૦૦ |
| ૨. | ઈશ્વરકી પહચાન (ઓમ્ વિષેની વિસ્તૃત માહિતી-પાતંજલ યોગદર્શન-સમાધિપાદના સૂત્ર ૨૪ થી ૨૯) | ૧૧.૦૦ |
| ૩. | ક્રાંત-ચિંતન (પૂ. યોગભિક્ષુજી અને ઓ. પ્રે. પ. ટ્રસ્ટનો પરિચય).. | ૧૭.૦૦ |
| ૪. | મુક્તા (પાતંજલ યોગદર્શન - સમાધિપાદ). | ૫૫.૦૦ |

## English

| | | |
|---|---|---|
| 1. | Maitri (The Yoga-secret of Universal Peace) | 2.50 |
| 2. | Streaming from The Invisible (The subtlest causes of world unrest).. | 7.00 |
| 3. | Easiest is realization (Articles)... | 5.00 |
| 4. | Why Meditation?... | 3,00 |
| 5. | Yogabhikshu - An Introduction ... | 5.00 |
| 6. | I wish to Awaken The Society ... | 10.00 |

## ઓડિયો કેસેટ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | દિવ્ય સંગીતમય ગાયત્રી મંત્ર | ૩૫.૦૦ | ૪. | સ્વાધ્યાય (ઓમ્ પરિવાર)... | ૩૫.૦૦ |
| ૨. | પૂ. યોગભિક્ષુજીના પ્રવચનો | ૩૫.૦૦ | ૫. | ભજનો (સાદુ સંગીત) | ૩૫.૦૦ |
| ૩. | અલૌકિક ક્રાંતિકારી ગરબા | ૩૫.૦૦ | | | |

લેસર ટાઈપ સેટીંગ : શ્રી ગ્રાફિક્સ, ૬, કેપિટલ પાર્ક, ફાયર સ્ટેશન સામે, નવરંગપુરા, અમદાવાદ-૧૪. ફોન : ૬૪૪૬૯૦૨

अीश्वर का बोधक (नाम) प्रणव/ओम् है।




( समाधिपाद के सूत्रों का भावानुवाद )

(२४) क्लेश, कर्म, कर्मफल और वासना जिसमें नहीं है अैसा पुरुषविशेष/चेतनविशेष अीश्वर है।

(२५) अीश्वर संपूर्ण सर्वज्ञ है।

(२६) अीश्वर पूर्वकाल के गुरुओं के भी गुरु है और काल की मर्यादा से (जन्म–मृत्यु से) पर है।

(२७) अीश्वर का नाम प्रणव/ओम् है।

(२८) अर्थ के चिन्तन सहित ओम् का जप करना।

(२९) चिन्तन सहित जप करने से अन्तरायों का अभाव और आत्मसाक्षात्कार होता है।

प्राप्तिस्थान : ओम् परिवार, १/अ, पलियडनगर, नारणपुरा, अहमदाबाद-३८० ०१३।

---

● **ટ્રસ્ટના ઉદ્દેશો :-**

(૧) સર્વવ્યાપક પરમ સૂક્ષ્મ ચેતન તત્ત્વ કે જેનું નામ પ્રણવ (ઓમ્ -ૐ) છે તેની પ્રતીતિ બહુજનસમાજને કરાવવા પ્રયત્ન કરવો. (૨) 'યોગ' નો પ્રચાર, પ્રસાર અને સંશોધન કરવા પ્રયત્ન કરવો. (૩) સમાજનું નૈતિક ધોરણ ઊંચું લાવવા માટે આધ્યાત્મિક જ્ઞાનનો સાહિત્ય દ્વારા પ્રચાર અને પ્રસાર કરવાનો પ્રયત્ન કરવો. (૪) આ ઉપરાંત 'બહુજનહિતાય-બહુજનસુખાય'ને લગતાં કાર્યો જેવાં કે કેળવણી, તબીબી સારવાર વગેરે કરવા માટે પ્રયત્ન કરવો.

**લવાજમ દર :-**

વાર્ષિક સભ્ય (ભારતમાં) ...રૂા. ૨૦-૦૦
આજીવન સભ્ય(ભારતમાં) ...રૂા. ૨૫૦-૦૦
વાર્ષિક સભ્ય (પરદેશમાં) ...૧૨ $
આજીવન સભ્ય(પરદેશમાં)...૧૦૧ $

**લવાજમ મોકલવાનું તથા "ઋતમ્ભરા"ને લગતો પત્રવ્યવહાર કરવાનું સ્થળ :-**


(૧) **ડૉ. સોમાભાઈ એ. પટેલ**
3/બ, પલિયડનગર
સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ રોડ,
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

(૨) **નૈષધભાઈ સી. વ્યાસ**
"સ્વાશ્રય",
3, ગંગાધર સોસાયટી,
રામબાગ પાછળ, મણીનગર,
અમદાવાદ-૩૮૦ ૦૦૮.


**સૂચના :-**

(૧) લવાજમ ચેક દ્વારા અથવા મનીઓર્ડર દ્વારા "ઓ. પ્રે. પ. ટ્રસ્ટ"ના નામે મોકલવું. સાથે આપનું પૂરું નામ, સરનામું શુદ્ધ અક્ષરોમાં લખી મોકલવું.

(૨) જે સભ્યનાં રહેઠાણનાં સ્થળ બદલાયાં હોય તેમણે તેમના નવા રહેઠાણનું પૂરું સરનામું લખી મોકલવું જેથી વ્યવસ્થાપકોને અંક મોકલવામાં સરળતા રહે.

પ.પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી સાથેના સંસ્મરણો તથા પ્રેરક પ્રસંગો આવકાર્ય છે.

**PRINTED BOOK**
Registrar of News Papers of India under Regd.No.48770/90
L-5/131/QTY./34/90-91

To,
LM-302 NV H
BHAUMIK CANDRAVADAN VYAS
3, GANGADHAR SOCIETY
B/H, RAMBAUG, OPP. SARDAR PATEL
SCHOOL,
MANINAGAR,
AMDAVAD 380008

આદ્યસંસ્થાપક તથા આધ્યાત્મિક વડા
પ.પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી


PRINTED & PUBLISHED BY :-
Dr. S. S. Bhikshu for
AUMGURU PREMSAMARPANDHYANBHIKSHU PARIVAR TRUST
3/B, Paliadnagar Society, Naranpura, Ahmedabad - 380 013.
Printed at : Shree Graphics, Navrangpura, Ahmedabad.
Hon. Editor : Naishadh Vyas
(Reg. No. E/4416 Date 11-5-81)
I.T.E.U. 80-G (5) No. H.Q. -III 33-163/95-96 up to March-2000